RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 2, Dt.13-03-2024 Wednesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# કોરોનાએ જન આયુષ્યમાં ૧.૬ વર્ષનો ઘટાડો કર્યો !

## વિશ્વભરમાં એકસમયે કરોડો લોકોના જીવ લેનારા કોરોનાએ માનવ આરોગ્ય ઉપર ગંભીર અસર પાડી હોવાનો ધ લેન્સેટ જર્નલનો રિપોર્ટઃ કોરોના મહામારી બાદ ૮૪ ટકા દેશોના લોકોના આયુષ્યમાં ઘટાડો થયો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

કોવિડ રોગચાળાને કારણે જીવનમાં ૧.૬ વર્ષનો ઘટાડો થયો છે. ધ લેન્સેટ જર્નલના તાજેતરના સંશોધનમાં આ માહિતી સામે આવી છે. આ નવા સંશોધને કોરોનાના ગંભીર સ્વાસ્થ્ય જોખમોને ઉજાગર કર્યા છે. અન્ય ઘણા અભ્યાસોએ એ પણ જાહેર કર્યું છે કે કોવિડએ વૈશ્વિક સ્તરે આરોગ્ય પર કેવી અસર કરી છે. જયારે ચેપે લાખો લોકોના જીવ લીધા, ત્યારે કોરોનાએ તેનાથી બચી ગયેલા લોકોને પણ છોડ્યા નથી. લોકો બીજી ઘણી એવી બીમારીઓથી પ્રભાવિત થવા લાગ્યા જે આજે પણ તેમાંથી બહાર આવી શક્યા નથી.

સંશોધન મુજબ, રોગચાળો આવ્યો ત્યાં સુધી વૈશ્વિક જીવન પ્રત્યાશા વધી રહી હતી. જીવન પ્રત્યાશા એટલે કે વ્યક્તિ તેના જન્મના સમયથી કેટલા વર્ષ જીવવાની અપેક્ષા રાખી શકે છે. લોકોની સરેરાશ ઉંમર ૧૯૫૦માં ૪૯ વર્ષથી વધીને ૨૦૧૯માં ૭૩ વર્ષથી વધુ થઈ ગઈ છે. પરંતુ ૨૦૧૯ અને ૨૦૨૧ ની વચ્ચે તેમાં ૧.૬ નો ઘટાડો થયો. નિષ્ણાતો કહે છે કે આ કોવિડની સૌથી ગંભીર આડઅસર છે. આ અભ્યાસ વર્ષ ૨૦૨૦-૨૦૨૧ દરમિયાન કરવામાં



આવ્યો હતો. અભ્યાસમાં જાણવા મળ્યું છે કે આ સમયગાળા દરમિયાન ૮૪ ટકા દેશોમાં આયુષ્યમાં ઘટાડો થયો હતો.મેક્સિકો સિટી, પેરૂ અને બોલિવિયા જેવા સ્થળો વધુ પ્રભાવિત થયા હતા.

સંશોધકોનો અંદાજ છે કે આ સમયગાળા દરમિયાન ૧૫ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં મૃત્યુદર પુરૂષોમાં ૨૨ ટકા અને સ્ત્રીઓમાં ૧૭ ટકા વધ્યો છે. તેમનો અંદાજ છે કે ૨૦૨૦ અને ૨૦૨૧ માં વૈશ્વિક સ્તરે લગભગ ૧૩૧ મિલિયન લોકો મૃત્યુ પામ્યા હતા, જેમાંથી લગભગ ૧૬ મિલિયન લોકો કોરોના રોગચાળાને કારણે મૃત્યુ પામ્યા હતા. સંશોધનમાં એ પણ જાણવા મળ્યું છે કે ૨૦૨૦ અને ૨૦૨૧ માં રોગચાળા દરમિયાન વૈશ્વિક સ્તરે પુખ્ત મૃત્યુદરમાં વધારો થયો છે. જો કે, કોવિડ-૧૯ રોગચાળા વચ્ચે શિશુ મૃત્યુદરમાં ઘટાડો થતો રહ્યો. ૨૦૧૯ની સરખામણીમાં ૨૦૨૧માં પાંચ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં પાંચ લાખ ઓછા મૃત્યુ થયા છે.

# ભાજપ કાર્યાલય બની ગયું, હવે સરકારી સ્કૂલ પણ બનાવી આપોની પાટીલ સમક્ષ માંગ કરનારા સરપંચને હાંકી કઢાયા

**મુખ્ય સમાચાર, વડોદરા**

વડોદરા જિલ્લા ભાજપ કાર્યાલયનું આજે ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલે ઉદ્ઘાટન કર્યું હતું. પાટીલ સ્પીચ આપી રહ્યા હતા ત્યારે ખટંબા ગામના સરપંચ કમલેશભાઈ કાર્યક્રમમાં ધસી આવ્યા હતા, કમલેશભાઈએ ખટંબા ગામમાં સરકારી સ્કૂલ બનાવવા વારંવાર માંગ કરી હતી. ભાજપ કાર્યાલય બની ગયું, હવે સરકારી સ્કૂલ પણ બનાવી આપો તેવી કરી રજૂઆત હતી. આથી પાટીલે કહ્યું હતું કે, બનાવી દઈશું. તેમ છતાં સરપંચ કેડો ન મૂકતા પાટીલનો પિત્તો ગયો હતો અને સરપંચને કહી દીધું હતું કે, એકવાર કહ્યું ને તમને. પાટીલે આકરા તેવરથી ભાજપના કાર્યકરો સરપંચને પકડીને કાર્યક્રમ સ્થળથી બહાર લઈ ગયા હતા. આ સમગ્ર





વાતચીતનો વીડિયો વાઇરલ થયો છે.

વાઇરલ વીડિયોમાં જોવા મળ્યું છે કે, સરપંચ કહે છે કે, પાટીલ સાહેબ અમારા ગામમાં સ્કૂલ નથી એનું કઈક કરોને. આથી વળતા જવાબમાં પાટીલે કહ્યું હતું કે, કઈ વાંધો નહીં સ્કૂલ પણ ચોક્કસથી બનાવી દઈશું... બાદમાં સરપંચે કહ્યું હતું કે, એક વર્ષથી કમ્પલેન કરૂ છું. વળતા જવાબમાં પાટીલે કહ્યું હતું કે, કઈ વાંધો નહીં જલ્દીથી કરાવી દઈશું. આથી સરપંચે કહ્યું કે, ખટંબામાં બિલકુલ સ્કૂલ નથી. બધા પ્રાઇવેટમાં ભણવા જાય છે. આથી પાટીલ બોલ્યા કે, એકવાર કહ્યું ને તમને... બાદમાં ભાજપના કાર્યકરો સરપંચને કાર્યક્રમ બહાર લઈ ગયા હતા.

# હરિયાણાની નાયબ સૈની સરકારે અપક્ષ ધારાસભ્યોના ટેકાથી વિધાનસભામાં બહુમતિ પુરવાર કરી

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હરિયાણામાં નવા સીએમ નાયબ સૈનીની સરકારે અપક્ષ ધારાસભ્યોના ટેકાથી વિધાનસભામાં બહુમતિ પુરવાર કરી છે. મુખ્યમંત્રી સૈનીએ ગૃહમાં વિશ્વાસ મતનો પ્રસ્તાવ રજુ કર્યો ત્યારે જનનાયક જનતા પાર્ટીના તમામ ૧૦ ધારાસભ્યો ગૃહમાંથી બહાર જતા રહ્યા હતા.ગૃહમાં વિશ્વાસ પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો છે. તેના પર પૂર્વ સીએમ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડાએ કહ્યું કે સીક્રેટ વોટિંગ કરાવવુ જોઈએ. સ્પીકરે કહ્યું કે પ્રસ્તાવ સર્વાનુમતે પાસ કરવામાં આવ્યો છે. આ દરમિયાન અપક્ષ ધારાસભ્ય બલરાજ કુંડુએ મતદાન કર્યું નહોતું.



આ પહેલાં નવા સીએમ નાયબ સૈનીએ ધારાસભ્ય દળની બેઠક બોલાવી હતી, જેમાં ભાજપના ૪૧ ધારાસભ્ય સાથે ૭ અપક્ષ ધારાસભ્ય પણ હાજર રહ્યા. મુખ્યમંત્રી સૈનીએ દાવો કર્યો છે કે તેમની પાસે ૪૮ ધારાસભ્યનું સમર્થન છે, જેમાં અપક્ષના ૭ ધારાસભ્ય સામેલ છે.નવી સરકારના કેબિનેટ મંત્રી જેપી દલાલે વિપક્ષના સવાલનો જવાબ આપતા કહ્યું કે ખેડૂત પરિવારના પુત્રને મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. અમે સાડા નવ વર્ષમાં ખૂબ સારું કામ કર્યું છે.


હરિયાણાના નવા સીએમ નાયબ સૈની વિરુદ્ધ હાઈકોર્ટમાં અરજી કરવામાં આવી છે. એડવોકેટ જગમોહન ભટ્ટીએ અરજીમાં જણાવ્યું છે કે સૈની હાલમાં સાંસદ છે.તેમણે હજુ સુધી ત્યાંથી રાજીનામું આપ્યું નથી. આમ છતાં તેમણે નવા મુખ્યમંત્રી તરીકે શપથ લીધા છે. તેમણે કહ્યું કે હરિયાણામાં ૯૦ વિધાનસભા સીટો છે. જો સૈની ધારાસભ્ય નથી તો વિધાનસભામાં ૯૧ ધારાસભ્યો કેવી રીતે હોઈ શકે. હાલમાં હાઈકોર્ટ દ્વારા આ મામલે કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. જોકે, નિયમ એવો છે કે તેઓ ચૂંટણી વિના ૬ મહિના સુધી મુખ્યમંત્રી રહી શકે છે. હરિયાણામાં વિધાનસભા ચૂંટણી માટે આટલો જ સમય બાકી છે.સીએમ નાયબ સૈનીએ કહ્યું- મનોહર લાલની સરકારે દસ વર્ષમાં રાજ્યને નવી દિશા આપી છે. મનોહર લાલ પણ એક સામાન્ય પરિવારમાંથી આવે છે. મને જવાબદારી સોંપવા બદલ હું ભાજપનો આભાર વ્યક્ત કરું છું.આજે અન્ય પક્ષોના લોકો વિચારે છે કે મારા પછી મુખ્યમંત્રી કોણ બનશે, તેઓ તેમના પુત્રની ચિંતા કરે છે, પરંતુ મનોહર લાલે એક નાના કાર્યકરને મુખ્યમંત્રીની જવાબદારી સોંપી છે.

# લગ્ન કે ઉજવણીના ઉત્સાહમાં થતા ફાયરીંગથી અજાણતા થતું મોત હત્યા નથી-સુપ્રીમ કોર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

લગ્ન સમારોહ કે અન્ય કોઈ ઉજવણી દરમ્યાન બંદૂક કે રીવોલ્વરમાંથી કરાયેલા ગોળીબાર ક્યારેક ઘાતક નીકળે છે. સુપ્રીમ કોર્ટે એક ચૂકાદામાં આ પ્રકારે ઉજવણી કે ખુશી વ્યક્ત કરવા જે ગોળીબાર થાય અને તેમાં કોઈનું મૃત્યુ થાય તો તે હત્યા ગણી શકાય નહી તેવો હુકમ ફરમાવ્યો હતો. સાથોસાથ એ પણ કહ્યું કે બંદુક કે રીવોલ્વર અથવા ફાયર આર્મ આ પ્રકારે ઉજવણી માટે વપરાવા જોઈએ નહી.

સૌરાષ્ટ્ર સહિત દેશભરમાં અવારનવાર આ પ્રકારે લગ્ન કે તેવા સમારોહ કે કોઈ ઉજવણી સમયે ફાયરીંગ કરાતું હોય તેવા વિડીયો સોશ્યલ



મીડીયાએ વાયરલ થાય છે. પોલીસ તેમાં આર્મ એકટના ભંગ સહિતના અપરાધ નોંધે છે. સુપ્રીમ કોર્ટ સમક્ષ આ પ્રકારના એક કેસમાં લગ્ન સમારોહમાં સલામતીની ચિંતા કર્યા વગર જ કરેલા ફાયરીંગમાં એકનો જીવ લેનારને હત્યાના આરોપમાંથી મુક્ત કર્યા તો આ કેસમાં સર્વોચ્ચ અદાલતે કનવર પાલ વિ. ઉતરાખંડ સરકારના ૨૦૧૪ના કેસમાં જે ચૂકાદો અપાયો તેનો સહારો લીધો હતો.

સુપ્રીમ કોર્ટે ચુકાદામાં જણાવ્યું હતું કે, સમારોહમાં ફાયરીંગ કરનારનો ઈરાદો કોઈની હત્યા કરવાનો ન હતો અને તે ઈરાદાપૂર્વકની હત્યા હતી તે કોઈ શંકાથી પર રહીને પણ પુરવાર થયું નથી તેથી દોષિતને શંકાનો લાભ મળવો જોઈએ. સાથોસાથ તેના કૃત્ય (ફાયરીંગ)થી કોઈનું મૃત્યુ નિપજી શકે છે તે તેના જ્ઞાનમાં ન હોય તે સ્વીકારી શકાય નહી. દરેક જે આ પ્રકારના હથિયાર ધરાવે છે અથવા ઉપયોગ કરે છે તેમાં અને અન્ય તમામ જાણે છે કે ગનનો ઉપયોગ અસલામત રીતે ટોળામાં કરવાથી શું પરિણામ આવી શકે છે અને આ પ્રકારની ઉજવણીમાં ગન કે બંદૂકનો ઉપયોગ કોઈ સલામતી વગર કરવો.

ખાસ કરીને લગ્ન સમારોહમાં ખુશીનું ફાયરીંગ સ્વીકાર્ય નથી. અદાલતે તેથી દોષીત જાહેર થયેલા વ્યક્તિના ઈરાદા વિહિન કૃત્ય તથા જેની હત્યા થઈ તેની સામે કોઈ જૂની દુશ્મની કે કોઈ ઝગડો ન હતો તે નિશ્ચિત થયુ છે તેથી બિન ઈરાદે હત્યામાં તે આઠ વર્ષથી જેલમાં છે તેથી હવે તેને મુક્ત કરવા આદેશ આપ્યો હતો.

# મુસાફરોના પાન -ગુટકાના ડાઘ રેલ્વેને રૂ.૧૨૦૦ કરોડમાં પડે છે !

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

દેશભરના રેલવે સ્ટેશનના ખૂણા લાલ રંગમાં રંગાયેલા નજરે પડે છે. ઘણી વખત તો ટ્રેનના બહારના ભાગમાં પણ લાલ રંગના ડાઘ જોવા મળે છે સામાન્ય રીતે રેલવે સ્ટેશન પર અને ટ્રેનમાં લોકો ગુટકા ખાઈને કે પાન-તમાકુ ખાઇને થુંકતા હોય છે અને તેની સફાઈ માટે રેલ્વે દ્વારા દરવર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે.

સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન અંગે લોકોને સતત જાગૃત કરવામાં આવે છે. સરકાર પણ લોકોને તેમની આસપાસની જગ્યા રાખવા માટે અપીલ કરતી રહે છે, પરંતુ લાગે છે કે આ બધી અપીલો બહેરા કાને જ અથડાય છે. લોકો શહેરો અને રેલવે સ્ટેશનમાં અને તેમની આસપાસના વિસ્તારોમાં ગંદકી ફેલાવવાનું છોડતા નથી. આનાથી સરકાર માટે અને રેલવે તંત્ર માટે પણ ઘણી મોટી મુશ્કેલીઓ ઊભી થાય છે.

સરકારના આટલા પ્રયત્નો બાદ પણ આજે પણ જાહેર સ્થળોને પાન તમાકુ ગુટખા ખાઈને થૂંકવું એ સામાન્ય બાબત



બની ગઈ છે. રેલવે સ્ટેશન અને ટ્રેનોમા ગુટખાના ડાઘા દેખાવા ઘણી સામાન્ય વાત છે અને શું તમે જાણો છો કે આ ડાઘા મતથી છુટકારો મેળવવા માટે રેલવે દ્વારા કરોડો રૂપિયાનો ખર્ચો કરવામાં આવે છે!

ભારતીય રેલવે વિશ્વની ચોથી સૌથી મોટી રેલવે સિસ્ટમ છે. ભારતીય રેલવેમાં દરરોજ કરોડો લોકો મુસાફરી કરે છે. રેલવે દ્વારા મુસાફરોને અનેક પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે. ભારતીય રેલવે પણ હવે સ્વચ્છતા માટે ઘણી સજાગ બની ગઈ છે. રેલવે ગુટખાના ડાઘ સાફ કરવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરે છે.

સિગરેટ કે દારૂ પીધા પછી તમે રેલવેમાં પ્રવાસ કરી શકતા નથી, પણ તમે ગુટકા કે પાન ખાઈને ટ્રેનમાં પ્રવાસ કરી શકો છો જેને કારણે તમને રેલવેમાં એવા ઘણા મુસાફરો જોવા મળે છે જેઓ મોઢામાં પાન કે ગુટખા ચાવતા ફરતા હોય છે. આવા લોકો તેમને મન થાય ત્યાં થુંકે છે અને તેમની મુસાફરી પૂરી કરીને નીકળી જાય છે, પરંતુ તેઓ જે ગુટખા થુંકે છે તેના ડાઘ તે ટ્રેન અને રેલવે સ્ટેશન પર રહી જાય છે જેને સાફ કરવાની જવાબદારી રેલવે પર આવી પડે છે.

વર્ષ ૨૦૨૧માં ભારતીય રેલવે દ્વારા આ ગુટખાના ડાઘથી છુટકારો મેળવવા માટે આપવામાં આવેલી રકમનો આંકડો જોઈને તમે પણ આશ્ચર્યમાં પડી જશો. રેલવે સ્ટેશનો અને ટ્રેનો પરના ગુટકાના ડાઘ દૂર કરવા માટે રેલવેએ લગભગ ૧૨૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. આ ઉપરાંત સરકાર સ્વચ્છતા માટે જાગૃતિ અભિયાન પણ ચલાવે છે જેમાં લોકોને જાહેરાત થકી સ્વચ્છતા રાખવા માટે જણાવવામાં આવે છે. આવી જાહેરાતો પાછળ પણ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે.

# જસદણના બાખલવડ ગામ પાસે કારે બાઇકને ઉલાળતાં મામા અને બે ભાણેજનાં કરૂણ મોત

## અમદાવાદ પાસીંગની કારના ચાલક સામે પોલીસે ગુનો નોંધ્યોઃ મામા અને ભાણેજની અંતિમવિધિમાં ગ્રામજનો હીબકે ચડ્યા













**મુખ્ય સમાચાર, રાજકોટ**

જસદણના બાખલવડ ગામ નજીક રાત્રે કારે બાઈકને અડફેટે લેતાં મામા અને બે માસૂમ ભાણેજનાં કમકમાટીભર્યાં મોત નીપજ્યાં હતાં. રાજકોટ-ભાવનગર હાઈવે રાત્રે મરણચીસોથી ગુંજી ઊઠ્યો હતો. આ અકસ્માતમાં મામા અને તેની ચાર વર્ષની ભાણેજનું ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. જ્યારે આઠ વર્ષની ભાણેજને માથાના ભાગે ઇજા પહોંચતાં તેને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી, જોકે તેણે પણ સવારે દમ તોડી દેતાં અરેરાટી મચી ગઈ હતી.

પ્રાપ્ત વિગત મુજબ, અજયભાઈ સદાસિયા (ઉં.વ.30) પોતાની બે ભાણેજ કિંજલ રણછોડભાઈ ઓળકિયા (ઉં.વ.૮) અને માહી રણછોડભાઈ ઓળકિયા (ઉં.વ.૪) પોતાની બાઈકમાં બેસાડીને બાખલવડ ગામ પાસેથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે એક કારે બાઈકને અડફેટે લેતાં મામા અને બે ભાણેજ ફંગોળાઈને રોડ પર પટકાયાં હતાં, જેમાં અજયભાઈ અને માહીનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં, જ્યારે કિંજલને માથાના ભાગે ગંભીર ઈજા થતાં તેને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, જોકે આજે સવારે તેણે પણ દમ તોડી દીધો હતો.

અકસ્માતની જાણ થતાં જ અજયભાઈનાં અને તેની બે ભાણેજનાં પરિવારજનો ઘટનાસ્થળે દોડી ગયાં હતાં. ઘટનાસ્થળે બેનાં મોત જોતાં જ કલ્પાંત કર્યો હતો, જ્યારે ડચકા ભરી રહેલી કિંજલને ૧૦૮ મારફત હોસ્પિટલ ખસેડી હતી, જ્યાં પણ પરિવારજનો અને સગાં-સંબંધીઓ દોડી ગયાં હતાં. આખી રાત જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતી કિંજલે અંતે સવારે અંતિમ શ્વાસ લેતાં પરિવારજનો માનસિક રીતે તૂટી ગયાં હતાં.

ઘટનાની જાણ થતાં જ પોલીસ દોડી ગઈ હતી અને મૃતકોના મૃતદેહોને પીએમ માટે રાજકોટની સિવિલ હોસ્પિટલ ખસેડાયા છે. પીએમ બાદ ત્રણેયના મૃતદેહ પરિવારને સોંપાશે. હાલ પોલીસે કારચાલક સામે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

# જામનગરમાં ચોરાઉ બાઈક સાથે ખેત મજુર ઝડપાયો

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર લાલપુરના ચાર થાંભલા વિસ્તારમાંથી શનિવારે એક બાઈક ઉપડી ગયું હતું. તેની પોલીસે હાથ ધરેલી તપાસમાં નાંદુરી ચોકડી પાસેથી એક પરપ્રાંતિય શખ્સ ચોરાઉ બાઈક સાથે મળી આવ્યો છે. તેણે ચોરીની કબૂલાત આપી છે. પોલીસે ચોરાઉ બાઈક કબજે કરી લીધુ છે.લાલપુર તાલુકાના મેમાણા ગામમાં ખેતમજૂરી માટે આવીને રહેતા મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના બામણીયા ગામના ગીનીયા અભેસિંગ નામના શ્રમિકનું એમપી-૬૯-ઝેડએ ૬૨૮૬ નંબરનું મોટરસાયકલ શનિવારે સાંજે લાલપુર શહેરમાં ચાર થાંભલા પાસેથી ચોરાઈ ગયું હતું. તેની ફરિયાદ પોલીસમાં કરાઈ હતી.તેની શરૂ કરાયેલી તપાસમાં લાલપુર પોલીસ સ્ટેશનના જમાદાર એચ.કે. મકવાણા, જયપાલસિંહ, સોમાભાઈને બાતમી મળી હતી. તેના આધારે પીએસઆઈ એસ.પી. ગોહિલ તથા સ્ટાફે નાંદુરી ચોકડી પાસે વોચ રાખી હતી. જેમાં મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ભાંભરા તાલુકાના ટોકરીયા ગામનો વતની અને હાલમાં નાંદુરીમાં એક ખેતરમાં મજૂરી કામ કરતો સુરેશ રામસિંગ પહાડીયા નામનો શખ્સ મળી આવ્યો હતો. તેની પાસે રહેલા બાઈક અંગે પોલીસે પોકેટકોપ એપમાં સર્ચ કરતા તેનું બાઈક ચોરાઉ હોવાનું અને તેના નંબર એમપી ૬૯-ઝેડએ ૬૨૮૬ હોવાનું ખૂલ્યું હતું.પોલીસે તે બાઈક અંગે પૂછપરછ કરતા સુરેશે તે વાહન લાલપુરમાંથી ઉઠાવ્યાની કબૂલાત આપી છે. પોલીસે સુરેશની ધરપકડ કરી બાઈક ઝબ્બે લીધુ છે.

# જસદણ નગરપાલિકાના કર્મચારીઓએ પડતર પ્રશ્ને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું

## જૂની પેન્શન યોજના સહિતની પડતર માંગણીઓ ન સંતોષાતા લઈને કર્મચારીઓમાં રોષ ભભૂકી ઉઠ્યો

**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**




**જસદણ:** ગુજરાતમાં જૂની પેન્શન યોજના સહિતના વણ ઉકેલાયેલાં પ્રશ્ન હલ કરવાને લઈને જસદણ નગરપાલિકાના કર્મચારીઓએ સરકાર સામે મોરચો માંડ્યો છે. જેના પગલે આજે નગરપાલિકાના કર્મચારીઓએ કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શન કર્યું હતું. આ વિરોધ પ્રદર્શનમાં જસદણ નગરપાલિકાના હેડ ક્લાર્ક સંજયભાઈ ડાભી, પ્રતાપભાઈ સોલંકી, હર્ષદભાઈ ઉપાધ્યાય અને રણજીતભાઈ ગીડા સહિતના તમામ કર્મચારીઓ જોડાયા હતા અને વિવિધ સુત્રોચ્ચાર કરી વિરોધ નોંધાવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, અખિલ ગુજરાત પાલિકા કર્મચારી મહામંડળ દ્વારા તા.૧૨ થી ૨૩ માર્ચ સુધી અલગ-અલગ કાર્યક્રમો જાહેર કરાયા છે. જેમાં આજે તા.૧૨ ના રોજ જસદણ નગરપાલિકાના કર્મચારીઓએ દાંડી યાત્રા દિને કાળી પટ્ટી ધારણ કરી સરકારની અન્યાયકારી નીતિઓનો વિરોધ પ્રદર્શિત કર્યો હતો. જ્યારે આવતી કાલે તા.૧૪ ના રોજ રાજ્યની તમામ નગરપાલિકાઓના કર્મચારીઓ દ્વારા કાળીપટ્ટી ધારણ કરી સરકારની અન્યાયકારી નીતિઓ વિરુદ્ધ ચીફ ઓફિસરને આવેદનપત્ર આપશે. તા.૧૫ ના રોજ રાજ્યની તમામ નગરપાલિકાઓના કર્મચારીઓ દ્વારા કાળીપટ્ટી ધારણ કરી સરકારમાં પડતર પ્રશ્નો અંગે નિરાકરણ લાવવા માટે ધારાસભ્ય, સાંસદોને આવેદનપત્ર આપશે. તા.૧૬ ના રોજ ૬ ઝોન મુજબ તમામ પ્રાદેશિક કમિશ્નરોને કર્મચારીઓ દ્વારા કાળીપટ્ટી ધારણ કરી જે તે ઝોનના પ્રાદેશિક કમિશ્નરને આવેદનપત્ર આપશે. જ્યારે તા.૨૩ ના રોજ શહીદ ભગતસિંહ પુણ્યતિથી દિને માસ સી.એલ. કાર્યક્રમ કરી તે દિવસે રાજ્યની નગરપાલિકાઓના કર્મચારીઓ સત્યાગ્રહ છાવણી-ગાંધીનગર ખાતે ધરણા કાર્યક્રમમાં હાજરી આપશે અને સાંજે ૪ વાગ્યે કમિશ્નર મ્યુનિસિપાલિટી એડમિનિસ્ટ્રેશનને તથા સાંજે ૫ વાગ્યે અગ્ર સચિવ શહેરી વિકાસ વિભાગ-ગાંધીનગરને આવેદનપત્ર આપશે. છતાં જો પડતર માંગણીઓ રાજ્ય સરકાર દ્વારા સ્વીકારવામાં નહી આવે તો રાજ્યમાં મતદાનના દિવસે રાજ્યની નગરપાલિકાઓના તમામ કર્મચારીઓ પોતાના પરિવાર સહિત તમામ કુટુંબીજનો મતદાનનો સામુહિક બહિષ્કાર કરવા માટે પ્રેરણા આપી છે તેમ માની સમગ્ર રાજ્યમાં મતદાનનો બહિષ્કાર કરવા માટે ફરજ પડશે તેવી અંતમાં અખિલ ગુજરાત નગરપાલિકા કર્મચારી મહામંડળ દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

# ખંભાળિયા-સલાયામાંથી રૂા.૧૩.૬૫ લાખની વીજચોરી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા કોર્પોરેટ ચેકીંગ ડ્રાઈવ અંતર્ગત ખંભાળિયા તથા સલાયામાં પીજીવીસીએલની ૧૪ ટૂકડી વીજચોરી પકડવા ચેકીંગ માટે ધસી ગઈ હતી. કુલ ૨૦ જોડાણમાંથી ગેરરીતિ મળી આવી છે. તેના ધારકોને રૂા.૧૩ લાખ ૬૫ હજારના બીલ આપવામાં આવ્યા છે.



જામનગરની સ્થાનિક પીજીવીસીએલ કચેરી દ્વારા કોર્પોરેટ ચેકીંગ ડ્રાઈવ અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના મુખ્ય મથક ખંભાળિયા તથા નજીકમાં આવેલા સલાયામાં વીજચોરી પકડવા ડ્રાઈવ રખાઈ હતી.

સ્થાનિક વીજ અધિકારીઓના વડપણ હેઠળની ૧૪ ટૂકડી ખંભાળિયા શહેર તથા સલાયામાં પહોંચી હતી. આ ટૂકડીઓએ ૧૩૪ વીજજોડાણ ચકાસ્યા હતા. જેમાંથી ૨૦ જોડાણમાં ગેરરીતિ જોવા મળતા રૂા.૧૩ લાખ ૬૫ હજારના પુરવણી બીલ ફટકારવામાં આવ્યા છે. ટૂકડીઓની સાથે છ એસઆરપી મેન અને એક વીડિયોગ્રાફરને જોડવામાં આવ્યા હતા

# લાલપુરના મુળીલામાં દુકાનમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો બેલડી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**




જામનગર લાલપુરના મુળીલા ગામમાં બીયારણની એક દુકાનમાંથી ગયા મંગળવારે રૂા.૫૦ હજાર રોકડા ચોરાઈ ગયા હતા. ભરબપોરે દુકાનના કાઉન્ટરમાંથી તે રકમ ઉપડી હતી. પોલીસે શરૂ કરેલી તપાસમાં જામનગરના હાપા પાસેના બાવરીવાસમાં રહેતા બે શખ્સ સેવકભટીયા પાસેથી ઝડપાઈ ગયા છે. આ શખ્સોએ ચોરીની કબૂલાત આપી રોકડ તથા બાઈક કાઢી આપ્યા છે.લાલપુર તાલુકાના મુળીલા ગામમાં એગ્રી બિઝનેસ સેન્ટર નામની દુકાન ચલાવતા રાયશીભાઈ કરશનભાઈ સોચા ગયા મંગળવારે બપોરે પોતાની દુકાનમાં હતા અને થોડી મિનિટો માટે બહાર નીકળ્યા ત્યારે પચ્ચીસેક વર્ષની વયના લાગતા બે અજાણ્યા શખ્સ આવ્યા હતા. આ શખ્સોએ દુકાનના કાઉન્ટરમાંથી રૂા.૫૦ હજાર રોકડા ઉઠાવી લઈ પોબારા ભણી લીધા હતા.આ બાબતની પોલીસમાં ફરિયાદ થયા પછી લાલપુરના પીએસઆઈ એસ.પી. ગોહિલ તથા સ્ટાફે શરૂ કરેલી તપાસમાં સ્ટાફના એચ.કે. મક્વાણા, જયપાલસિંહ, સોમાભાઈને મળેલી બાતમીના આધારે પોલીસે સેવક ભટીયા ગામ પાસે વોચ રાખી હતી.વોચ દરમિયાન એક બાઈકમાં જઈ રહેલા બે શખ્સને પોલીસે રોકાવી પૂછપરછ કરતા જામનગરના હાપામાં રેલવે કોલોની નજીક બાવરીવાસમાં રહેતા માનસિંગ સુરેશ ડાભી, ધનસિંગ રામસિંગ સોલંકી નામના આ શખ્સો ભાંડી પડ્યા હતા. આ શખ્સોએ ઉપરોક્ત ચોરીની કબૂલાત આપી રૂા.૫૦ હજાર રોકડા તથા ચોરીમાં વાપરેલુ જીજે-૧૦-ટીએ ૧૨૮ નંબરનું મોટરસાયકલ કાઢી આપ્યા હતા. પોલીસે મુદ્દામાલ કબજે કરી બંને શખ્સની ધરપકડ કરી છે.

# જામનગર જિલ્લા વિકાસ અધિકારી ભારદ્વાજના અધ્યક્ષસ્થાને પોષણ પખવાડિયા ઉજવણીની સમીક્ષા બેઠક યોજાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર કેન્દ્ર સરકારના માર્ગદર્શન તળે મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા સમગ્ર દેશમાં તારીખ ૯ થી ૨૩ માર્ચ ૨૦૨૪ સુધી છઠ્ઠા પોષણ પખવાડિયાની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવશે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા રાષ્ટ્રવ્યાપી પોષણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. પોષણ પખવાડિયાનો ધ્યેય જન ભાગીદારી દ્વારા સમાજમાં બાળકોમાં જોવા મળતા કુપોષણ વિશે જાગૃતિ લાવવા, પોષણક્ષમ આહારનું મહત્વ ઉજાગર કરવા અને સ્વસ્થ આહારને પ્રોત્સાહન આપવાનો રહેલો છે. જેના ઉપલક્ષે જામનગર જિલ્લા વિકાસ અધિકારી વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષસ્થાને જિલ્લા પંચાયતમાં પોષણ પખવાડિયા ઉજવણી વર્ષ ૨૦૨૪ ની સમીક્ષા બેઠક યોજાઈ હતી. ચાલુ વર્ષે ૨૦૨૪માં સહી પોષણ, દેશ રોશન અને પોષણ ભી, પઢાઈ ભી- આ થીમ આધારિત જિલ્લાની આંગણવાડીઓમાં બાળકો માટે વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું છે. પરંપરાગત અને પોષણક્ષમ આહાર બાળકોને મળે તે માટે વિવિધ પ્રયત્નો હાથ ધરાશે. સગર્ભા માતાઓ, ધાત્રી માતાઓ અને નવજાત બાળકોનું સમયસર રસીકરણ થાય, બાળકોને પોષણક્ષમ આહાર મળે, આંગણવાડીઓમાં વિવિધ પ્રવૃત્તિઓમાં બાળકો સક્રિય રીતે ભાગ લે, મીલેટ્સ વાનગી સ્પર્ધા, બાળકો માટે મીલેટ્સ વાનગીનો રસોઈ શો, વાલીઓ માટે હોમ વિઝીટ, સગર્ભા માતાઓનું કાઉન્સેલિંગ કરવું, સ્તનપાન વિષે જાગૃતિ, યોગ સેમિનારનું આયોજન, સોશિયલ મીડિયા થકી બહોળો પ્રચાર-પ્રસાર, ગ્રામ્ય વિસ્તારોમાં લોક માધ્યમોનો મહત્તમ ઉપયોગ વધારવો, એનિમિયા નાબુદી તેમજ અન્ય જરૂરી મુદ્દાઓની સમિતિના સદસ્યો સાથે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીએ સમિતિના સદસ્યોને કામગીરી સુચારુરૂપે થાય તે માટે જરૂરી સૂચનો આપ્યા હતા.બેઠકના અંતે ઉપસ્થિત સર્વેએ પોષણ જાગૃતિ અંગે શપથ ગ્રહણ કર્યા હતા. આ સમીક્ષા બેઠકમાં જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, આઈ.સી.ડી.એસ. પ્રોગ્રામ ઓફિસર બિનલ સુથાર, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો.ભાયા, ડી.પી.સી. ખારેચા, તમામ તાલુકાના સી.ડી.પી.ઓ, જિલ્લા શિક્ષણાધિકારી બી.એન.વીડજા, બી.એન.મહેતા તેમજ સમિતિના અન્ય સદસ્યઓ ઉપસ્થિત રહ્યા હતા.

# જસદણના ગોડલાધાર ગામે રાધેશ્યામ કોટેક્ષ દ્વારા પ્રાકૃતિક અને જૈવિક ખેતી અપનાવવા ખેડૂત જાગૃતિ સભા યોજાઈ






**મુખ્ય સમાચાર, બિજલ ભેસજાળીયા**

જસદણ તાલુકાના ગોડલાધાર ગામે ભારત સરકાર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજનાની માહિતી માટે એક ખેડૂત સભાનું આયોજન થયેલ હતું. ઉપરોક્ત સભાનો મુખ્ય હેતુ સરકારની ખેતીવાડી ખાતાની વિવિધ યોજના લક્ષી માહિતી, પ્રાકૃતિક ખેતી તેમજ જાગૃતતા માટેનો હેતુ હતો. આ સભાનું આયોજન રાધેશ્યામ કોટેક્સ જસદણ દ્વારા કરવામાં આવેલ હતું તેમજ સભામાં ઉપસ્થિત મહેમાન રાહુલભાઈ કાછડ-અમરેલી તેમજ ડો.વીરાભાઈ ચાવડા-સણોસરા તેમજ અશોકભાઈ મુળીયા દ્વારા યોજનાની વિસ્તૃત માહિતી આપવામાં આવેલ હતી. આ આયોજન માટે રાધેશ્યામ કોટેક્ષ વતી વિનુભાઈ ચાંવ, અશોકભાઈ ચાંવ, ઘનશ્યામભાઈ ચાંવ અને ધવલભાઈ ચાંવ દ્વારા આયોજિત કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. આ સાથે રાધેશ્યામ કોટેક્ષ દ્વારા ગુજરાતમાં જસદણ તાલુકામાં ગોડલધાર ગામે સર્વ પ્રથમ ઓર્ગેનિક ઈનપુટ સેન્ટરનું એક તકે સર્વે મહાનુભાવના હસ્તે વિમોચન કર્યું હતું. આ ઈનપુટ સેન્ટરનો ઉદેશ જમીનની ફળદ્રુપતા વધારવા તથા પોષક તત્વની ઉપલબ્ધિ વધે તથા ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવીએ તેથી ખેડૂત જાગૃતિ માટેનું સેન્ટર ખુલ્લુ મૂકવામાં આવેલ હતું. ઉપરોક્ત સભામાં જસદણ તાલુકાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત ખાતેદાર બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# જસદણની ઈકરા સ્કૂલ ખાતે હજ કમિટી ફોર ગુજરાત દ્વારા હજ માહિતી માર્ગદર્શન સેમીનાર યોજાયો



**મુખ્ય સમાચાર, જસદણ**

જસદણની ઈકરા સ્કૂલ હજ કમિટી ગુજરાત રાજ્ય અને આઈશા એજ્યુકેશન ટ્રસ્ટ ઈકરા સ્કૂલના રફિકભાઈ મીઠાણી દ્વારા હજમાં જનાર હાજીઓ માટે હજ માહિતી સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત રાજ્ય હજ કમિટીના ચેરમેન ઈકબાલભાઈ સૈયદ, હજ કમિટીના ડિરેક્ટર નાહીનભાઈ કાજી, હજ વેલ્ફેર સોસાયટીના પ્રમુખ ગાંધીનગરથી અબ્બાસભાઈ સૈયદ પધારેલ હતા. તેઓનું સન્માન ફુલહાર અને મોમેન્ટો દ્વારા જસદણ મુસ્લિમ સમાજના અગ્રણીઓ દ્વારા કરવામાં આવેલ હતું. આ તકે ઉપસ્થિત આગેવાનોએ હજને લગતા પ્રશ્નોનું સચોટ માર્ગદર્શન અને માહિતી પૂરી પાડેલ હતી. આ કાર્યક્રમમાં જસદણ મુસ્લિમ સમાજના ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં જસદણના આગેવાનો ઈલ્યાસભાઈ (મોઢુકાવાળા), અલાઉદ્દીનભાઈ ફોગ, ઈમરાનભાઈ ખીમાણી, રસીદભાઈ કમલ, હનીફબાપુ, રફિકભાઈ ગોગદા, સતારભાઈ મીઠાણી, સલીમભાઈ મીઠાણી, રાજુભાઈ બિલખીયાએ ખાસ હાજરી આપેલ હતી. આ કાર્યક્રમનું આયોજન અને સંચાલન ઈકરા સ્કૂલના સંચાલક રફિકભાઈ હાજી હબીબભાઈ મીઠાણીએ કરેલું હતું.

# જામનગરના કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ પાસે નશામુક્તિ વિષયક જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો





**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર શહેરમાં સ્થિત કસ્તુરબા સ્ત્રી વિકાસ ગૃહ ખાતે નશાકારક પદાર્થો અને માદક દ્રવ્યોના ઉપયોગને અટકાવવા અને તેની માંગ ઘટાડવા માટે જનજાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા કક્ષાની બાળ કલ્યાણ સંસ્થા, દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓના અધિક્ષકઓ, શૈક્ષણિક સંસ્થાના આચાર્યઓ, શિક્ષકો તથા વિવિધ કચેરીઓના કર્મચારીઓએ ભાગ લીધો હતો. જિલ્લા કાનૂની સેવા સતામંડળ- જામનગરના સેક્રેટરીશ્રી જે.પી.પરમાર અને જુવેનાઈલ જસ્ટીસ બોર્ડ- જામનગરના પ્રમુખ એમ.આર.પટેલના અધ્યક્ષસ્થાને સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.કાર્યક્રમની શરૂઆતમાં મંચસ્થ મહમોના હસ્તે દીપપ્રાગટ્ય કરાયા બાદ આણંદાબાવા સેવા સંસ્થાની દીકરીઓ દ્વારા નશામુક્તિ વિષય આધારિત સુંદર નાટકની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તેમજ જામનગર જિલ્લા પંચાયતના એન્ટી ટોબેકો સેલમાંથી નાઝીયાબેન અને એડિક્શન ટ્રીટમેન્ટ સેન્ટરમાંથી (A.T.F.) ડો.બલભદ્રસિંહ જાડેજાએ નશામુક્તિ અને માદક દ્રવ્યોના દુરુપયોગને અટકાવવા વિષે ઉપસ્થિત સર્વેને માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેએ નશામુક્તિ અંગે શપથ ગ્રહણ કર્યા હતા. ઉક્ત કાર્યક્રમમાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી ડો.પી.વી.શેરશીયા, જિલ્લા બાળ સુરક્ષા અધિકારી આર.જે.શિયાર, જિલ્લા I.E.D કો-ઓર્ડીનેટર, જ.જ.અ. કાર્યરત I.E.D વિભાગ ના I.E.D./ I.E.D.S.S. ના તમામ સ્પેશિયલ એજ્યુકેટરઓ, વિશિષ્ટ શિક્ષકો, જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જિલ્લા બાળ સુરક્ષા અધિકારીની કચેરીના તમામ કર્મચારીગણ અને ૧૦૦ જેટલા નાગરિકો હાજર રહ્યા હતા. તેમ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીની કચેરી, જામનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જસદણ નગરપાલિકામાં નિયુક્ત થયેલા એન્જિનિયર નિકુંજ ડાભીએ ચાર્જ સંભાળ્યો

**મુખ્ય સમાચાર, નરેશ ચોહલિયા**



**જસદણ:** જસદણ નગરપાલિકામાં એન્જિનિયર તરીકે ફરજ બજાવતા ચિરંજન પટેલની અન્યત્ર બદલી થતાં તેમની જગ્યા પર યુવા એન્જિનિયર તરીકે નિકુંજ ડાભીએ ચાર્જ સંભાળ્યો હતો આ સમયે જસદણ નગરપાલિકાના જાગૃત પૂર્વ કોર્પોરેટર અને ખેડૂત નેતા પૂર્વ એપીએમસીના ડિરેક્ટર તેમજ એબીપીએસએસ પત્રકાર સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ અને જસદણ વિછીયાના જાગૃત પત્રકાર નરેશ ચોહલીયા એ ખાસ શુભેચ્છા મુલાકાત લીધી હતી. નવનિયુક્ત એન્જિનિયર નિકુંજ ડાભીએ જણાવ્યું હતું કે જસદણ શહેરનો કુદકે અને ભૂછકે કે વિકાસ થઈ રહ્યો છે ત્યારે મને મારું કર્તવ્ય નિભાવવા અને મને મારી જે જવાબદારી છે તે નિભાવવા માટે અને જસદણની દશા અને દિશા બદલવા હું કાયમિક પ્રયત્નશીલ રહીશ આ ઉપરાંત નગરપાલિકાના યુવા ચીફ ઓફિસર રાજુ શેખ એ પણ જણાવ્યું હતું કે પીવાના પાણી સફાઈ સ્ટ્રીટલાઈટ ભૂગર્ભ ગટર જેવા વિવિધ પ્રશ્નો અંગે અમે સતત પ્રયત્નશીલ છીએ અને જસદણ શહેર મોડલ બને તેવા અમારા પ્રયાસો છે આ ઉપરાંત નરેશ ચોહલીયા એ જણાવ્યું હતું કે અમારી ચુંટાયેલી બોડી વખતે જે કાર્ય નથી થયા તેથી સવાયા અને સુંદર કાર્યો અત્રે થઈ રહ્યા છે જેની ખુશી વ્યક્ત કરતા ચોહલીયા એ વધુમાં જણાવ્યું હતું કે જસદણના ધારાસભ્ય હાલ રાજ્ય સરકારમાં જળસંપતિ અને પાણી પુરવઠા અન્ન નાગરિક પુરવઠા ના કેબીનેટ મંત્રી તરીકે કુંવરજીભાઈ બાવળીયા બેઠા હોય ત્યારે મોસાળ માં પીરસ નારી હોય માંગો તેટલી ગ્રાન્ટ મળતી હોય ત્યારે મને આશા છે કે જસદણ શહેર નમૂનેદાર અને મોડલ બનશે ચીફ ઓફિસર શેખ એન્જિનિયર ડાભી અને વહીવટદારશ્રીની આગેવાનીમાં જસદણ નંદનવન બને તેવો આશાવાદ પૂર્વ કોર્પોરેટર અને યાર્ડના પુર્વ ડીરેકટર નરેશ ચોહલીએ વ્યક્ત કર્યો હતો.

# મોરબીના વેપારી આધેડ ઘરેથી કોઈને કહ્યા વગર ચાલ્યા જતા શોધખોળ

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના વાવડી રોડ ઉપર આવેલ ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા આધેડ વેપારી ઘરેથી કોઈને કઈ કહ્યા વગર નીકળી ગયા બાદ ગુમ થઇ જતા તેમના દીકરી દ્વારા મોરબી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમસુધા નોંધ કરી શોધખોળ શરૂ કરી છે.

મળતી માહિતી અનુસાર મોરબીના વાવડી રોડ સ્થિત ગાયત્રીનગર સોસાયટીમાં રહેતા ૪૫ વર્ષીય વેપારી હરેશભાઇ મગનભાઇ પાડલીયા કે જેઓ ગત તા.૧૧/03 ના રોજ બપોરના દોઢ વાગ્યાના અરસામાં ઘરેથી કોઈને કઈ પણ કીધા વગર ઘરેથી ચાલી નીકળ્યા હાય. ત્યારબાદથી તેઓ ઘરે પરત ફર્યા ન હોય હરેશભાઈની ઊંચાઈ આશરે ૫ ફ્ટ ૬ ઈચ જેટલી તથા માથામાં કાળા-સફેદ વાળ છે. જે મુજબની વિગતો સાથે તેમની દીકરી દ્વારા સીટી એ ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુમસુધા નોંધ કરી ગુમ થયાની અલગ અલગ દિશામાં તપાસ શરૂ કરી છે.

**હળવદના શક્તિનગર ગામ નજીક નકલંકધામ મંદિરે પ્રૌઢનું હૃદય હુમલામાં મોત**

હળવદ તાલુકાના શક્તિનગર ગામ નજીક આવેલ નકલંકધામ મંદિરની જગ્યાએ સુ.નગર જિલ્લાના સુદામડા ગામના પ્રૌઢને હાર્ટ એટેક આવતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

હળવદ તાલુકાના શક્તિનગર ગામે નકલંકધામ મંદિરની જગ્યામાં ગત તા.૧૧/03ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના સુદામડા ગામના ૫૨ વર્ષીય નિખાલસભાઈ હમીરભાઇ સોલંકીને અચાનક હાર્ટ એટેક આવતા તેમનું મૃત્યુ નીપજ્યું હતું. ત્યારે સમગ્ર બનાવ અંગે મૃતક નિખાલસભાઈના બહેન કે જેઓ એનજીઓ સોશ્યલ વર્કર એવા શિલ્પાબેન હમીરભાઇ સોલંકી રહે.રતનપર સુ.નગર દ્વારા જાહેર કરતા હળવદ પોલીસે અ.મોતની નોંધ કરી આગળની તપાસ શરૂ કરી છે.

# જામનગરમાં ખોડીયાર કોલોની વિસ્તારમાં મનપાના પાર્કિંગમાં પાર્ક કરાયેલી એક કારમાં તોડફોડ કરાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**



જામનગર ના ખોડીયાર કોલોની વિસ્તારમાં મહાનગર પાલિકાના પાર્કિંગમાં પાર્ક કરવામાં આવેલી એક કારને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધી હતી, અને કારનો કાચ તોડી નાખી અંદરથી રૂપિયા ૧૮,૦૦૦ ની રોકડ તથા કપડા સાથેની સુટકેસની ઉઠાંતરી થઈ ગયા ની ફરિયાદ પોલીસમાં નોંધાવાઇ છે.આ ફરિયાદ અંગેના બનાવની વિગત એવી છે કે જામનગરમાં લક્ષ્મીનગર શેરી નંબર -૪ માં રહેતા પ્રવીણભાઈ ભોજાભાઇ નંદાણીયા નામના વેપારીએ પોતાના માસાની માલિકીની જી.જે.-૬ એચ.એસ.- ૫૨૧૩ નંબરની આઈ-૨૦ મોટર કાર ખોડિયાર કોલોની વિસ્તારમાં આવેલા જામનગર મહાનગરપાલિકાના પાર્કિંગના એરિયામાં પાર્ક કરવામાં આવી હતી. જે કારને કોઈ તસ્કરોએ નિશાન બનાવી લીધી હતી.કારના પાછળના દરવાજાનો કાચ તોડી નાખી, તેમાં પડેલી એક બેગની ઉઠાંતરી કરી લીધી હતી. જેમાં રૂપિયા ૧૮,૦૦૦ ની રોકડ રકમ, કપડાં, તથા સારવારની ફાઈલ સહિતના કાગળો હતા, જેની તસ્કરો ચોરી કરી લઈ ગયા હોવાથી આ મામલાને સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં લઈ જવાયો હતો.

જ્યાં પ્રવીણભાઈ નંદાણીયાએ કોઈ અજાણ્યા તસ્કર વિરુદ્ધ સૂટકેસની ચોરી કરવા માટે પ્રથમ કારમાં તોડફોડ કરવા અંગેની ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદના અનુસંધાને પોલીસે આસપાસના વિસ્તારના સીસીટીવી કેમેરાઓ ચકાસીને આરોપી ને શોધી કાઢવા માટેની કવાયત હાથ ધરી છે

# રિક્ષા અને સિટી બસના ચાલકો વચ્ચે અકસ્માત બાબતે મારામારીઃ બસના ડ્રાઈવરો હડતાલ પર ઉતર્યા



(તસ્વીરઃ આનંદ જાવિયા)

શહેરમાં રિક્ષા ચાલકોના ત્રાસના કારણે અવારને અવાર સિટી બસના ચાલકો સાથે છાશવારે થતાં મારામારીના બનાવો આમ બન્યા છે ત્યારે આજે રિક્ષાચાલક અને સિટી બસના ચાલક વચ્ચે ત્રિકોણ બાગ ચોક ખાતે બોલાચાલી થયા બાદ મામલો ગરમાયો હતો અને રિક્ષાચાલકો સામે કાર્યવાહી કરવાની માંગ સાથે સિટી બસના ડ્રાઈવરો ત્રિકોણબાગ ખાતે હડતાલ પર ઉતરી જતાં રસ્તા પર ટ્રાફિકજામની સમસ્યા સર્જાઈ હતી. સિટી બસના ચાલકોની અચાનક જ હડતાલના પગલે મુસાફરોને હાલાકીનો સામનો કરવો પડયો હતો. ત્યારબાદ સિટી બસના સંચાલકો દ્વારા ડ્રાઈવરોને અને રિક્ષાચાલકો વચ્ચે સમાધાન કરાવતા હડતાલ સમેટાઈ ગઈ હતી.

## મોરબી રોડ પર હીટ એન્ડ રનની ઘટનામાં મારવાડી કોલેજના સફાઈ કર્મીનું મોત

### બેડીનો યુવાન ચાલુ નોકરીએ એક કલાક રજા લઈ ઘરે ગયોને કાળ ભેટયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલા બેડી ગામે રહેતા અને મારવાડી કોલેજમાં સફાઈ કામ કરતો યુવાનને બેડી યાર્ડ પાસે અજાણ્યા વાહન ચાલકે યુવકને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. હિટ એન્ડ રનની ઘટનામાં ઘવાયેલા યુવકનું કરૂણ મોત નિપજતાં પરિવારમાં કરૂણ કલ્પાંત સર્જાયો છે.

આ અંગેની માહિતી મુજબ રાજકોટનાં બેડી ગામે રહેતા સુરેશ નટુભાઈ ચાવડા નામનો ૩૫ વર્ષનો યુવાન સાંજના ચારેક વાગ્યાના અરસામાં મોરબી રોડ પર બેડી યાર્ડ પાસે હતો ત્યારે અજાણ્યા વાહન ચાલકે સુરેશ ચાવડાને ઠોકરે ચડાવતા અકસ્માત સર્જાયો હતો. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક નાસી છુટયો હતો. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને તાત્કાલીક સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર મળે તે પૂર્વે જ ફરજ પરના તબીબે જોઈ તપાસી નિષ્પ્રાણ જાહેર કરતાં પરિવારમાં અરેરાટી સાથે ગમગીની છવાઈ જવા પામી હતી. આ ઘટના અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે કુવાડવા રોડ પોલીસને જાણ કરતાં કુવાડવા રોડ પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલીક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે જરૂરી કાર્યવાહી કરી યુવકના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે મેડીકલ કોલેજ ખાતે ખસેડયો હતો.

પ્રાથમિક પુછપરછમાં મૃતક સુરેશ ચાવડા બે ભાઈ એક બહેનમાં મોટો હતો અને મારવાડી કોલેજમાં સફાઈ કામ કરી પરિવારજને આર્થિક મદદ કરતો હતો. સુરેશ ચાવડા ગઈકાલે મારવાડી કોલેજમાં નોકરી પર હતો ત્યારે એક કલાકની રજા લઈ કામ સબબ ઘરે જઈ રહ્યો હતો ત્યારે રસ્તામાં જ અજાણ્યા વાહન ચાલકે ઠોકરે ચડાવતાં જીવલેણ અકસ્માત સર્જાયો હોવાનું જાણવા મળ્યું છે. આ ઘટના અંગે કુવાડવા રોડ પોલીસે નોંધ કરી જીવલેણ અકસ્માત સર્જી નાસી છુટેલા વાહન ચાલકને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

## કુવાડવા રોડ પર ભાડુઆત યુવતીની એકલતાનો લાભ ઉઠાવી છેડતી કરનાર શખ્સ ઝડપાયો

### બી ડિવિઝન પોલીસે એમએસડબલ્યુની વિદ્યાર્થિનીની ફરિયાદ પરથી મકાન માલિકને દબોચી લઈ કાયદાનું ભાન કરાવ્યું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુવાડવા રોડ વિસ્તારમાં રહેતી અને એમએસડબલ્યુનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનીની ઘરમાં પૂસી છેડતી કરનાર સાવન મનસુખભાઈ ગજેરા નામના શખ્સ સામે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ બી-ડીવીઝન પોલીસે સાવનની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

ભોગ બનનાર છાત્રા રાજકોટની એક કોલેજમાં એમએસડબલ્યુનો અભ્યાસ કરે અને આરોપી સાવન ગજેરાના મકાનમાં ભાડેથી રહે છે. સાવન પોતે ચાંદી કામ કરે છે. બનાવના દિવસે ગત તા.૯ના માતા-પિતા બહાર જતાં યુવીની એકલતાનો લાભ લઈ છેડતી કરી વિદ્યાર્થીનીના મતાપિતા કામ અર્થે બહાર ગયા હતાં તે ઘરે એકલી હતી ત્યારે મકાન માલીક સાવન ગજેરા ઘરમાં ઘસી આવ્યો હતો અને યુવતીના શરીરે અડપલાં કરવા લાગ્યો હતો. સુતા તેને તાબે નહિ થતાં મોઢે ડૂમો આપી દેતા યુવતીએ દેકારો કરતાં સાવન ત્યાંથી ભાગી ગયો હતો. આ બનાવથી ગભરાઈ ગયેલી યુવતીએ પરે આવેલ માતાને વાત કર્યા બાદ અંતે ફરિયાદ નોંધાવી હતી. યુવતીની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે સાવન ગજેરા સામે ગુનો નોંધી ગણતરીના કલાકોમાં જ તેની ધરપકડ કરી હતી.

## ગીરગંગા પરિવાર ટ્રસ્ટે સૌરાષ્ટ્રમાં ૧૧,૧૧૧ ચેકડેમ બનાવવાનો ક્ર્યો સંકલ્પ

**મુખ્ય સમાચાર, રાજકોટ**




સૌરાષ્ટ્રમાં વરસાદ તો ઘણો થાય છે પરંતુ સૌરાષ્ટ્રની ધરતી પથરાળ અને ડુંગરાળ હોવાના હિસાબે વધારે પડતું પાણી દરિયામાં વહી જાય છે. આ પાણીને રોક્વાનો એકમાત્ર ઉપાય હોય તો તે છે. ચેકડેમો ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દવારા પાણી બચાવો અભિયાનના ભાગરૂપે આ વર્ષે ૧૦૦% લોકભાગીદારી થી ૧૩૫ થી વધારે નાના-મોટા ચેકડેમો ઊંડા, ઊંચા, રીપેરીંગ તેમજ નવા તૈયાર કરેલ છે. જેનાથી આર્થિક દ્રષ્ટીએ જોઈએ તો અંદાજીત ૫૦૦ કરોડ કરતા પણ વધારે ફાયદો થયેલ છે. અને સૌરાષ્ટ્રની અંદર ૧૧,૧૧૧ ચેકડેમો બનાવવાનો ગીરગંગા પરિવાર સંકલ્પ કરેલો છે.

હાલ પણ સૌરાષ્ટ્રના ઘણા બધા શહેરો નર્મદાના પાણી પર નિર્ભર રહે છે. ભૂતકાળમાં ઘણી વખત દુષ્કાળ પડેલ છે. જો કોઈ કારણોસર નર્મદા નું પાણી સૌરાષ્ટ્રમાં ન આવી શકે તો સૌરાષ્ટ્રની હાલત શું થાય તે વિચારવા જેવું છે. એક સમયે સૌરાષ્ટ્રની અંદર ઉનાળાના સમયમાં પણ ઘણી નદીઓ વહેતી હતી. હાલ તે વધારે પડતી નદીઓના વહેણો દિવાળી પર જ સુકાય જાય છે. સૌરાષ્ટ્રમાં જે જમીનોની અંદર એક સમયે પાણીના તળ માત્ર ૨૦ થી ૩૦ ફૂટે હતા, તે અત્યારે ઘણી જગ્યાએ ૨૦૦૦ થી ૩૦૦૦ ફૂટે પણ મળી શક્તા નથી અને જે મળે છે તે પાણી પણ વાપરવાને યોગ્ય હોતુ નથી.

યુ.એન.ના એક રીપોર્ટ અનુસાર ૨૦૨૫ સુધીમાં ભારત ભૂગર્ભ જળના જોખમની ટોચ પર પહોંચી જશે, જ્યાં સાઉદી અરેબિયા જેવા દેશો ઉભા છે. ભારતમાં ૭૬% લોકો હાલમાં ગંભીર જળસંકટમાંથી પસાર થઈ રહ્યા છે.ભારતના૭૦૦જિલ્લાઓમાંથી લગભગ ૪૦% જિલ્લામાં ભૂગર્ભ જળ ગંભીર સ્તરે પહોંચી ગયું છે.

આપણા દેશનું હરિયાળું કહેવાતુ શહેર બેંગ્લોર પણ હાલ પાણીના મહાસંકટ ની અંદર ઘેરાયેલું છે. ત્યા લોકોને વાપરવા માટે પાણી મળતુ મુશ્કેલ છે. તેમજ સાઉથ આફ્રિકાના કેપટાઉન સિટીની અંદર પણ પીવાના પાણીની મુશ્કેલી છે. તો આવો સમય સૌરાષ્ટ્રની ધરતીમાં ન આવે એના માટે દરેક લોકોએ હાલ જાગૃત થવાની જરૂર છે.

## મહિલાઓને સશકત અને આત્મનિર્ભર બનાવવાનું સપનું સાકાર કરતું ‘‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન’’

### રૂ. ૬.૫૨ કરોડથી વધુની સહાય થકી આર્થિક પગભર બનતી જસદણ-વિંછીયા તાલુકાના સખી મંડળોની મહિલાઓઃ મહિને અંદાજે દસ હજાર રૂપિયા કમાઈને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઇ શકું છું – લાભાર્થી જીજ્ઞાબેન રોજાસરા

આલેખન : માર્ગી મહેતા, દ્રષ્ટિ નથવાણી

**મુખ્ય સમાચાર, રાજકોટ**





સ્ત્રી જીવનની આધારભૂત શક્તિ છે. સરકારે સકારાત્મક સમર્થન આપતાં સ્ત્રીઓને સમાજમાં એક નવી દિશા મળી છે. સરકારની ગુજરાત લાઇવલીહૂડ પ્રમોશન કંપની અંતર્ગત ‘‘રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન‘‘ હેઠળ રાજકોટ જિલ્લાનાં જસદણ અને વિંછીયા તાલુકાની મહિલાઓના સશક્તિકરણ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અંતર્ગત ૧૭૩૧ સખી મંડળોની રચના કરવામાં આવેલી છે.

સખી મંડળોમાં જોડાયેલી મહિલાઓને આર્થિક રીતે પગભર થવા માટે સરકાર તરફથી જસદણ અને વિંછીયા તાલુકામાં વર્ષ ૨૦૨૩-'૨૪ દરમિયાન ૬૯ સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ. ૨૦ લાખ ૭૦ હજારની સહાય આપવામાં આવી છે. ૯૧ સખી મંડળોને સ્ટાર્ટ અપ ફંડ પેટે રૂ. ૨,૨૭,૫૦૦ તેમજ સી.ઇ.આઇ.એફ. પેટે ૧૪૪ સખી મંડળોને રૂ. ૨,૨૮,૫૦,૦૦૦ જેવી માતબર રકમ ફાળવવામાં આવી છે. તેમજ ૨૬૪ સખી મંડળોને રૂ. ૪ કરોડ ૧ લાખ કેશ ક્રેડીટ લોન પેટે આપવામાં આવ્યા છે. આમ, જસદણ અને વિંછીયા તાલુકાને કુલ રૂ. ૬,૫૨,૪૭,૫૦૦ની સહાય સખી મંડળોને આપવામાં આવી છે.

આ ઉપરાંત, જસદણ શહેરી વિસ્તારની વાત કરીએ તો ત્યાં ૪૭ સખી મંડળોની રચના કરવામાં આવેલી છે. સકરાર તરફથી જસદણ શહેરી વિસ્તારમાં વર્ષ ૨૦૨૩-'૨૪ દરમિયાન ૭ સખી મંડળોને રીવોલ્વીંગ ફંડ પેટે રૂ. ૭૦ હજાર તેમજ ૩ મંડળોને કેશ ક્રેડીટ લોન પેટે રૂ. ૩ લાખ ૫૦ હજારની સહાય આપવામાં આવી છે.

મહિલાઓમાં રહેલી આવડતના વિકાસ માટે વિવિધ પ્રકારની જેવી કે બ્યુટી પાર્લર, અગરબતીની બનાવટ, સીવણ જેવી સ્કીલ તાલીમ આપવામાં આવે છે. તાલીમ બાદ મહિલાઓ જે વસ્તુઓ ઉત્પાદિત કરે છે, તેના વેચાણ માટે સખી મંડળોને જિલ્લા, રાજય અને રાજયની બહાર મેળામાં વિના મૂલ્યે મોકલવામાં આવે છે. જ્યાં વસ્તુઓનું વેચાણ કરીને મહિલાઓ સ્વરોજગાર મેળવે છે.

જસદણ અને વિંછીયા તાલુકામાં મહિલાઓ વિવિધ ક્ષેત્રમાં આગળ વધે, તે માટે સકરાર દ્વારા સતત પ્રયત્નો કરવામાં આવે છે. ત્યારે લાભાર્થીશ્રી જીજ્ઞાબેન રોજાસરા સરકાર પ્રત્યે આભારની લાગણી સાથે જણાવે છે કે, હું ‘‘માંડવરાય મિશન મંગલમ‘‘ સાથે જોડાયેલી છું. અમારા ગ્રુપ એ સ્વસહાય જૂથ યોજના માટે અરજી કરતા સરકાર દ્વારા ૨૫૦૦ રૂપિયા સ્ટાર્ટઅપ ફંડ, ૩૦ હજાર રૂપિયા રિવોલ્વિંગ ફંડ અને છ મહિના પૂરા થયે ૨ લાખની લોનનો લાભ મળવાપાત્ર છે. હું રાજકોટ જિલ્લાના જસદણ તાલુકાના નાની લાખાવાડ ગામની રહેવાસી છું, જ્યાં અમારું મંડળ દર મહિને વ્યક્તિદીઠ સો રૂપિયાની બચત કરે છે. સરકાર દ્વારા મળેલો લાભ અમને તમામ બહેનોને આર્થિક પ્રવૃત્તિ કરવામાં મદદરૂપ થાય છે. હું મંડળમાં ‘‘બેન્કિંગ કોરસપોન્ડન્ટ સખી‘‘ તરીકે કાર્ય કરું છું. મહિને અંદાજે દસ હજાર રૂપિયા કમાઈને પરિવારને આર્થિક રીતે મદદરૂપ થઇ શકું છું. જે બદલ સરકારનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આમ, ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ જળસંપત્તિ અને પાણી પુરવઠા, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતોના મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળીયાના માર્ગદર્શન મુજબ જસદણ-વિંછીયા પંથકમાં ‘‘મિશન મંગલમ‘‘ યોજના થકી અનેક મહિલાઓને વિવિધ પ્રકારે રોજગારી આપી, દરેક મહિલાઓને સશકત અને આત્મનિર્ભર બનાવવાનું સપનું સાકાર કરવામાં આવી રહ્યું છે.

## રાજકોટ જિ.પ.ના પ્રમુખ પ્રવિણાબેન રંગાણીના હસ્તે રૂ. ૮૯ લાખના ખર્ચે નિર્મિત સાલપીપળીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ

### ૨૭ ગામોને મળનારી આરોગ્યલક્ષી સુવિધાઓ




**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના સાલપીપળીયા ગામ ખાતે રૂ. ૮૯ લાખના ખર્ચે પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. આરોગ્ય ક્ષેત્રે છેવાડાના માનવીને વધુ સરળ અને ગુણવત્તાયુક્ત આરોગ્ય સુવિધાઓ મળી રહે તે માટે નિર્મિત આ આરોગ્ય કેન્દ્ર ૨૭ ગામોમાં આરોગ્યલક્ષી સારવાર આપશે. તાલુકા પંચાયત પ્રમુખશ્રી દ્વારા સંસ્થાને જાળવણી કરવા અપીલ કરાઈ હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી ડો. વૈભવ ગોરીયાના માર્ગદર્શન હેઠળ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મેડિકલ ઓફિસર ડો.એસ.કે.ચૌધરી, આયુષ એમ.ઓ. ડો. એ.એચ. ત્રિવેદી, ફાર્માસિસ્ટ જયદીપભાઈ ડોડીયા, સુપરવાઈઝરશ્રી ગણેશભાઈ મૂછડીયા, લેબ ટેકનીશિયન કિન્નરીબેન કુંડારિયા, બટુકભાઈ જુંજા તથા સમગ્ર સમગ્ર સ્ટાફ અને આશાવર્કર બહેનોની ટીમે જહેમત ઉઠાવી હતી.આ તકે ટંકારાના ધારાસભ્ય દૂર્લભજીભાઈ દેથરીયા, જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચેરમેન શ્રીમતી લીલાબેન ઠુંમર, પડધરી તાલુકા પંચાયત પ્રમુખશ્રી, તાલુકા પંચાયતના કારોબારી ચેરમેનશ્રી અને સદસ્યો, સાલપીપળીયા ગામના સરપંચ અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાજકોટના વોર્ડ નં.૧૧, ૧૨માં રૂા.૬૧ કરોડના વિકાસ કાર્યોનું મંત્રી ભાનુબહેન બાબરિયાના હસ્તે લોકાર્પણ-ખાતમુહૂર્ત થયું

### વોર્ડ નં-૧૧ના વિવિધ વિસ્તારમાં આશરે રૂ. ૬૦ કરોડના ખર્ચે ડી.આઈ. પાઈપલાઈન બિછાવવાના ખાતમુહૂર્તઃ વોર્ડ-૧૨માં નવનિર્મિત બગીચા તથા બાલક્રિડાંગણનું લોકાર્પણ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ભાનુબહેન બાબરિયાના હસ્તે, રાજકોટના મેયર નયનાબહેન પેઢડિયાની ઉપસ્થિતિમાં રાજકોટના વોર્ડ-૧૧ તથા વોર્ડ-૧૨માં આશરે રૂ.૬૧ કરોડથી વધુની રકમના ખાતમુહૂર્ત લોકાર્પણ કરવામાં આવ્યાં હતાં.

મંત્રી ભાનુબહેને રાજકોટના વોર્ડ-૧૧ના વિવિધ વિસ્તારોમાં આશરે રૂપિયા ૫૯.૧૫ કરોડના ખર્ચે ડી.આઈ. પાઈપલાઈન બિછાવવાના કામોના ખાતમુહૂર્ત કર્યા હતા. જેમાં (૧) મોટા મવા તેમજ આસપાસના વિસ્તારોમાં રૂ.૪૫.૬૭ કરોડના ખર્ચે ડી.આઈ. પાઇપ લાઈન નાખવાનું કામ, (૨) મોકાજી સર્કલ - આંબેડકરનગર તેમજ આસપાસના વિસ્તારમાં રૂ.૩.૨૭ કરોડના ખર્ચે ડી.આઈ. પાઇપ લાઈન નાખવાના કામ, (૩) સિલ્વર ગોલ્ડ, અલય પાર્ક, ગોવિંદરત્ન પાર્ક તેમજ આસપાસના વિસ્તારમાં રૂ.૫.૬૩ કરોડ ડી.આઈ. પાઇપલાઈન નાખવાનું કામ (૪) શાસ્ત્રીનગર, અર્જુન પાર્ક, કલ્યાણ પાર્ક તેમજ આસપાસના વિસ્તારમાં રૂ.૪.૫૮ કરોડના ખર્ચે પાઇપ લાઈન નાખવાના કામનો સમાવેશ થાય છે.

જ્યારે વોર્ડ નં.૧૨માં તપન હાઈટ્સ પાસે ટી.પી.સ્કીમ નં.૧૫ - વાવડીમાં રૂ.૧.૯૩ કરોડના ખર્ચે નવનિર્મિત બગીચા તથા બાલક્રિડાંગણનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

આ તકે તકતીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મંત્રી શ્રીમતિ ભાનુબહેને ગાર્ડનનું નિરીક્ષણ કર્યું હતું તેમજ ગાર્ડનમાં મોટી સંખ્યમાં ઉપસ્થિત મહિલાઓ તેમજ બાળકો સાથે સંવાદ કર્યો હતો.

આ તકે રાજકોટ મહાનગરપાલિકાના શાસક પક્ષના નેતા સુશ્રી લીલુબહેન જાદવ, પૂર્વ મેયર ડોક્ટર પ્રદીપ ડવ, રાજકોટ મહાનગરપાલિકાના વિવિધ પદાધિકારીઓ, અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ‘ખો-ખો લીગ’ની સ્પર્ધામાં રાજકોટની ચાર મહિલા ખેલાડીઓ વિજેતા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



રમતગમત ક્ષેત્રે મહિલાઓ અવિરતપણે આગળ વધી રહી છે, ત્યારે ગાંધીનગરના સાંઈ સેન્ટર ખાતે વેસ્ટ ઝોન ખેલો ઇંડિયા જુનિયર અને સબ-જુનિયર વુમન્સ 'ખો-ખો લીગ'ની સ્પર્ધામાં રાજકોટની ચાર મહિલા ખેલાડીઓ પસંદગી પામી હતી.

જેમાં ધોળકિયા સ્કુલની વિદ્યાર્થીનીઓ ઉર્વશી વંશ, દર્શના વાજા, જીજ્ઞા વાજા અને શ્રી શ્રદ્ધા પરમારની પસંદગી થઇ હતી. પસંદગી પામનાર ખેલાડીઓ ગુજરાત રાજ્ય તરફથી મુંબઈ ખાતે રમવા જશે. સર્વે ખો-ખો ખેલાડીના માર્ગદર્શક કોચ શ્રી સુદીપ મહસ્કર અને ટ્રેનરશ્રી અનીલ ડાભી હતા. આ જ્વલંત સફળતા બદલ રાજકોટ શહેર ખો-ખો એસોસિયેશનના મહામંત્રીશ્રી મયુરભાઈ ટોળીયાએ ખેલાડીઓને અભિવાદન પાઠવ્યા હતા.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# જેતપુરમાં લુખ્ખા તત્વો બેફામઃ વકીલનું મકાન સળગાવવાનો પ્રયાસ

## લૂંટમાં સંડોવાયેલા શખ્સોએ વકીલના એકટીવામાં આગ ચાંપીને સીસીટીવી કેમેરા તોડી નાંખ્યા

**મુખ્ય સમાચાર, રાજકોટ**

જેતપુરમાં લૂંટના બનાવમાં સડોવાયેલ અસામાજિક તત્વોએ ફરિયાદનો ખાર રાખી વકીલના મકાનમાં ઘૂસી એક્ટિવાને આગ લગાડી મકાન સલગાવવાનો પ્રયાસ પ્રયાસ કરતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. બે મુસ્લિમ શખ્સોએ એડવોકેટના ઘરમાં લાગેલા સીસીટીવી કેમેરાના પણ તોડી નાખ્યા હતા. આ મામલે જેતપુર પોલીસે રાજા અંસારી નામના શખ્સની ધરપકડ કરી છે.

આ અંગેની માહિતી મુજબ જેતપુરમાં ગુજરાતીની વાડી ભાવિકનગર-૧ ખોડીયાર કલીનીક વાળી શેરીમાં રહેતા એડવોકેટ મેહુલભાઈ હરેશભાઈ પંડયાએ નોંધાવેલી ફરિયાદમાં ગ્યાસુદિન ઉર્ફે રાજા ફિરોજભાઈ અન્શારી અને ફરદિન ફિરોજભાઇ અન્શારીનું નામ આપ્યું છે. એડવોકેટ મેહુલ પંડયાના પિતા હરેશભાઈ પંડયાનું મોટરસાઇકલ વ્યાસુદિને લૂંટી લીધું હોય જેની પોલીસ ફરિયાદ કરી હોય તેનો ખાર રાખી બંને શખ્સો એડવોકેટ મેહુલ પંડ્યાના મકાનની બાજુના મકાનમાંથી ઘરમાં ઘૂસી પાર્ક કરેલી એક્ટિવાને પેટ્રોલ છાંટીને સળગાવ્યું હતું તેમજ ઘરને પણ સળગાવવાનો પ્રયાસ કરી સીસીટીવી કેમેરાના વાયરો પણ કટ કરી નાખ્યા હતા. આગની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવ્યા બાદ આગ ઉપર કાબૂ લીધો હતો. આ મામલે જેતપુર પોલીસ સ્ટેશનમાં ગ્યાસુદિન ઉર્ફે રાજા ફિરોજભાઈ અન્શારી અને ફરદિન ફિરોજભાઈ અન્શારીનું સામે ફરિયાદ નોંધાઈ છે. પોલીસે આરોપી રાજા અંસારીને ઝડપી લીધો હતો.

## વકીલના ઘરમાં તોડફોડ કરનાર શખ્સ સામે કડક કાર્યવાહી કરવાની માંગ

### બાર એસો. દ્વારા તેમજ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મામલતદારને આવેદન આપ્યું

**મુખ્ય સમાચાર, જેતપુર**

જેતપુરમાં રહેતા વકીલના મકાનમાં તોડફોડ કરી બાઈક સળગાવનારા સખ્સ વિરૂદ્ધ ફરીયાદ દાખલ કરવામાં આવી છે. આ બનાવમાં વકીલ મંડળે આવેદન પાઠવ્યા બાદ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મામલતદારને આવેદનપત્ર આપ્યું હતું અને એવું આરોપી વિરૂદ્ધ કડક કાર્યવાહી કરવાની માંગ કરી હતી.



જેતપુર શહેરનાં ગુજરાતીની વાડી વિસ્તારમાં રહેતાં એડવોકેટ મેહુલભાઈ પંડ્યાના રહેણાંક મકાનમાં ગત રાત્રીનાં આજ વિસ્તારમાં રહેતાં એક શખ્સે અગાઉ થયેલ માથાકુટનો ખાર રાખી એડવોકેટ મેહુલભાઈ ઘરમાં ઘુસી તોડફોડ કરી મોટર સાયકલને સળગાવી નાખેલ. જેના વિરોધમાં બાર એસો. નાં પ્રમુખ મહાવીરભાઈ પટેલ તથા અનેક વકીલો તેમનાં રહેણાંક મકાન ખાતે એકત્રીત થઈ ગયેલ. આ અંગે મહાવીરભાઈ પટેલે જણાવેલ કે મકાનમાં તોડફોડ કરી બાઈક સળગાવનાર શખ્સ વિરુદ્ધ કડક કાર્યવાહીની માંગ સાથે પોલીસને આવેદનપત્ર અપાયું હતું.

સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા આ ઘટનાને મામલતદારને વખોડી કાઢી આવેદનપત્ર પાઠવી રજૂઆત કરેલ કે રાજા અન્સારી રીઢો ગુન્હાગાર છે તેની સામે અનેક ગુન્હાઓ પેન્ડીંગ છે. ઉપરાંત જો તે છુટશે તો મેહુલભાઈ તથા તેના પરીવાર માટે જોખમી બની રહેશે. માટે આવી ક્રુર અને ભયજનક વ્યકિત કે જેણે આતંકવાદી કૃત્ય કરેલ હોય તે માફીને પાત્ર નથી માટે તેની સામે ગુજકોટોક હેઠળ ગુન્હો નોંધવામાં આવે તેવી માંગણી કરેલ.

# નાનામવા રોડ અને બેડી માર્કેટ યાર્ડ પાછળથી વિદેશી દારૂની ૭૩૮ બોટલ સાથે ચાર ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે દરોડો પાડી વાહન સહિત રૂ.૯.૫૭ લાખનો મુદામાલ કબજે ર્ક્યો

**મુખ્ય સમાચાર રાજકોટ**

શહેરના નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ પાસે અને બેડી માર્કેટ યાર્ડ પાછળ ગેરેજના પાર્કિંગમાં પડતર ટેન્કરમાં છુપાવેલો ૭૩૮ બોટલ વિદેશી દારૂ સાથે ચાર શખ્સોની પોલીસે ધરપકડ કરી રૂ.૯.૫૭ લાખનો મુદામાલ કબજે કરી અમદાવાદના બુટલેગરની શોધખોળ શરૂ કરી છે.







આ અંગેની માહિતી મુજબ ક્રાઈમ બ્રાંચના પીઆઈ એમઆર.ગોંડલીયાની સૂચનાથી એએસઆઈ બલભદ્રસિંહ, હેડ કોન્સ.મહિપાલસિંહ, કનકસિંહ સહિતનો સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા ત્યારે નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ સામેની શેરીમાં બોલેરો ગાડીમાં શંકાસ્પદ રીતે નીકળેલ દિનેશ રાજકુમાર નીંચાણી (રહે.જકશન પ્લોટ સોમનાથ એપાર્ટમેન્ટ) તથા વિજય હીરાનંદન લાલવાણી (રહે.માધાપર ગામ સિધ્ધી વિનાયક એપાર્ટમેન્ટ) વિનેદ રમેશ ચૌહાણ (રહે.નવલનગર આરએમસી ક્વાર્ટર) હિતેનકુમાર રાવ નારાયણરાવ (રહે.જંગલેશ્વર ભાડાના મકાનમાં) નામના ચારેય શખ્સોને દબોચી લઈ ૨૪૦ બોટલ કિંમત રૂ.૨.૭૧ લાખનો જથ્થો મળી આવતા આકરી પૂછપરછ કરતા આ ચોરય શખ્સોએ બેડી માર્કેટ યાર્ડ પાસે આવેલ નદી કાઠે વિશ્વકર્મા ગેરેજના પાર્કિંગમાં પડતર પડેલ ટેન્કરમાં અન્ય દારૂ છુપાવ્યો હોવાનો કબૂલાત આપતા ઉપરોક્ત જગ્યાએથી પોલીસે વધુ વિદેશી દારૂની ૪૯૮ બોટલ કિંમત રૂ.૩.૬૧ લાખ તથા વાહનો મળી કુલ રૂ.૯.૫૭ લાખનો મુદામાલ કબજે કરી અમદાવાદનો ભરત ખુશાલદાસ સોમૈયાની શોધખોળ શરૂ કરી છે.

# રેસકોર્ષ રીંગ રોડ પર અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતા બે મહિલા કોન્સ્ટેબલ થયા ઘાયલ

## પોલીસ કમિશનરના બંગલા પાસે બનેલો બનાવઃ ટ્રાફિક સેમિનાર પૂર્ણ કરી પરત ઘરે જતી વેળાએ અકસ્માત નડયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પોલીસ કમિશ્નરના બંગલા પાસે ઘરે જવા નીકળેલી બે મહિલા કોન્સ્ટેબલને જેટ સ્પીડે નીકળેલા અજાણ્યા વાહન ચાલકે હડફેટે લેતાં બન્ને મહિલા કોન્સ્ટેબલને ગંભીર ઈજા પહોચી હતી. અકસ્માત બાદ ચાલક વાહન લઈ નાસી છુટયો હતો.





આ અંગેની માહિતી મુજબ પોલીસ હેડ કવાર્ટરમાં રહેતી અને આજી ડેમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતી મહિલા કોન્સ્ટેબલ મનિષાબેન ખીમજીભાઈ ડાભી (ઉ.૨૨) અને ચેતનાબેન આર.ધરજીયા (ઉ.૨૨)ગઈકાલે સાંજે ટ્રાફીક સેમીનારમાં ગઈ હતી અને ત્યાંથી સેમીનાર પુરો પુરો કરી એકટીવા પર પોલીસ હેડકવાર્ટર પર આવેલ તેમના નિવાસસ્થાને જવા નીકળી હતી. સમી સાંજે પોલીસ કમિશ્નરના બંગલા પાસે જ પુરઝડપે આવતી ફોર વ્હીલ કારના ચાલકે ડબલ સવારી એકટીવાને હડફેટે લેતાં બન્ને મહિલા કોન્સ્ટેબલ ઉછળીને રોડ પર પટકાઈ હતી. જેમાં મનીષાબેનને માથામાં ગંભીર ઈજા થતાં તેમને ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે જ્યારે ચેતનાબેનને સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અકસ્માત બાદ અજાણ્યો કાર ચાલક પોતાનું વાહન લઈ નાસી છુટયો હતો. આ ઘટનાની જાણ થતાં પ્ર.નગર પોલીસે સીસીટીવીના આધારે અકસ્માત સર્જી નાસી છુટેલા વાહન ચાલકની શોધખોળ હાથ ધરી છે. બીજી બાજુ અકસ્માતની જાણ થતાં જોઈન્ટ પોલીસ કમિશ્નર વિધી ચૌધરી બન્ને મહિલા કોન્સ્ટેબલની ખબર કાઢવા હોસ્પિટલ પર દોડી ગયા હતા અને તેઓની સારવારમાં કોઈ કચાસ ન રહે તે માટે ખાસ સુચના આપી હતી.

# રાજકોટની કોલેજીયન યુવતીના નગ્ન ફોટા વાયરલ કરનારો દિલ્હીનો શખ્સ ઝડપાયો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં સીએનો અભ્યાસ કરતી ૧૯ વર્ષની યુવતિના ન્યુડ વિડીયો તેણીના કાકાને મોકલી બદનામ કરનાર સોશિયલ મિડીયા ફ્રેન્ડની પોલીસે દિલ્હી થી ધરપકડ કરી છે. રાજકોટની ૧૯ વર્ષની છાત્રાની ફરિયાદ પરથી દિલ્હી નોર્થ વેસ્ટ મંગોલપુરી હાઉસ નં. ૩૪૪/૩૫માં રહેતાં સચીન યાદવ નામના શખ્સ વિરૂધ્ધધ્ધ ફરિયાદ નોંધાઈ હતી. ૨૦૧૯- ૨૦ની સાલમાં મોબાઈલમાં પબજી ગેમ રમતી હોય ત્યારે દિલ્હીના સચીન યાદવની ફ્રેન્ડ રિકવેસ્ટ આવતા સ્વીકારી હતી. બાદમાં સચીન સાથે વાતચીત શરૂ થઈ હતી. એ પછી ફેસબુક



બન્યા હતા અને સચીને મોબાઈલ નંબર મેળવી યુવતીને વહોટ્સએપ ઉપર પણ મેસેજ અને કોલ કરી વાતચીત શરૂ કરી હતી. સચિને એક દિવસ વ્હોટ્સએપ પર વીડીયો કોલ કરી ન્યૂડ થવા માટે ફોર્સ કર્યો હતો. જેનો વીડીયો તેણે રેકોર્ડ કરી લીધો હતો. ત્યારબાદ અવારનવાર તે મને અવાર-નવાર ન્યૂડ વીડીયો કોલ કરવા માટે દબાણ કરતો હતો.જેથી કંટાળીને સચિનનો વ્હોટ્સએપ નંબર બ્લોક કરી દીધો હતો.

સૂચીને યુવતીને મેસેન્જરમાં મેસેજ કર્યો હતો કે તું મારી સાથે વાત કરી નહીંતર તારા ન્યૂડ વીડીયો વાયરલ કરી નાખીશ. આઠ મહિના સુધી સચીન સાથે કોઈ સંપર્ક રહ્યો ન હોય બાદમાં સચીને યુવતીના કાકાના ફેસબુક આઈડી પર ન્યુડ વિડીયોના ફોટા મોકલ્યા હતા. જે અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાયા બાદ એસીપી વિશાલ એમ. રબારીની રાહબરીમાં પીઆઈ કે. જે. મકવાણાએ તપાસ કરી દિલ્હીના મંગોલપુરી હાઉસ નં. ૩૪૪/૩૫માં રહેતાં સચીન યાદવની ધરપકડ કરી હતી.

# પતિ ગુમ થતા સાસુને મારમાર્યા બાદ પુત્રવધુએ કર્યો આપઘાતનો પ્રયાસ

## સાસુ-વહુને સારવારમાં સરકારી હોસ્પિટલમાં ખસેડાયાઃ પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ શહેરમાં દૂધસાગર રોડ ઉપર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના ક્વાર્ટરમાં પતિ લાપતા થતા પત્નીએ માતા સહિતની મહિલાઓ સાથે મળી સાસુને માર મારી ગળેફાંસો ખા આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હુમલામાં ઘવાયેલા સાસુ અને ગળેફાંસો ખાઈ લેનાર પુત્રવધુને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ અંગેની માહિતી મુજબ દૂધસાગર રોડ ઉપર આવેલા ગુજરાત હાઉસિંગ બોર્ડના કવાર્ટરમાં રહેતા દુરબાઈબેન કાળુભાઈ કાટેલીયા નામના ૫૫ વર્ષના પ્રોઢા સાંજના સાડા છએક વાગ્યાના અરસામાં પોતાના ઘરે હતા ત્યારે પુત્રવધુ રૂકશાનાબેન મિરાજભાઈ કાટલીયા તેની બેન જરૂબેન ભાભી મુસ્કાન અને માતા સહિતની મહિલાઓએ દુરબાઈબેન કાટેલિયા ઉપર હુમલો કરી માર માર્યો હતો હુમલામાં ઘવાયેલા પ્રૌઢાને સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બાદમાં રાત્રીના દસેક વાગ્યાના અરસામાં સ્મશાનાબેન મિરાજભાઈ કાટેલીયાએ પંખામાં ચુંદડી બાંધી ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ યુદ્ધ કર્યો હતો. હુમલામાં ઘવાયેલા સાસુ અને આપઘાતનો પ્રયાસ કરનાર પુત્રવધૂને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.આ અંગે પ્રાથમિક પૂછપરછમાં રૂકશાનાબેન અને મિરાજ કાટેલીયાએ ચાર વર્ષ પહેલા પ્રેમ લગ્ન કર્યા હતા અને તેમને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે પતિ મિરાજ કાટેલીયા સ્કશાના ઉપર શંકા કુશંકા કરી છેલ્લા ચાર દિવસથી ઘરેથી લાપતા થયર્યો છે સ્મશાનાબેનુ સહિતના મહિલાઓએ દુરબાઈબેન માર માર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અને બાદમાં રૂકશાનાબેને ગળેફાંસો ખાઈ આપઘાતનો પ્રયાસ કર્યો હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવ અંગે થોરાળા પોલીસે કશાનાબેને પતિ સહિતના સાસરીયા વિરુદ્ધ કાનૂની તપાસનો દોર લંબાવ્યો છે.

# ભગવતીપરામાં ઈમીટેશનના કારખાનામાં ધોળા દિવસે, રોકડ અને મોબાઈલની ચોરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના સામા કાંઠે ભગવતીપરા વિસ્તારમાં ઈમીટેશનના કારખાનામાંથી ધોળા દિવાસે અજાણ્યો શખ્સ કારીગરોના છ મોબાઇલ અને રૂ.૧૦ હાજરની રોકડ સહિત કુલ રૂા.૨૨ હજારની ચોરી ગયાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. કારખાનામાં ચોરી કરવા ઘૂસેલો શખ્સ સીસીટીવીમાં કેદ થઈ જતા પોલીસે વધુતપાસ હાથ ધરી છે.

આ અંગેની માહિતી મુજબ ભગવતીપરામાં સુખસાગર સોસાયટી શેરી નં.ર રહેતા અને સમન્વય હાઈટસ મેઈન રોડ પર ઈમિટેશનનુ કારખાનો ધરાવતા ક્યુમ અશિફભાઈ કુરેશી (ઉ.વ.૨૫)એ બી-ડીવીઝન પોલીસ મથકમાં નોંધવેલી ફરિયાદમાં જણાવ્યા મુજબ ગત તા.૧૦/૩ના સવારના સમયે કોઈ અજાણ્યો શખ્સ તેના કારખાનામાં ગેરકાયદે પ્રવેશ કરી તેના કારખાનામાં કામ કરતા છ કારીગરોના મોબાઈલ અને બીજા માળે આવેલી ઓફીસમાં કેસ કાઉન્ટરમાં રાખેલા રૂા.૧૦ હાજરની રોકડની ચોરી કરી નાશી છૂટયો હતો જે અંગે તેના કારખાનામાં કામ કરતા સુપરવાઈઝરે જાણ કરતા તેઓ દોડી ગયા હતા. કારખાનામાં લાગાવેલા સીસીટીવી ફૂટેજ તપાસતા તેમાં અજાણ્યો શખ્શ કારખાનામાં ઘૂસી ચોરી કરતો હોવાની ઘટના કેદ થઈ ગઈ હોય જેથી તેમણે પોલીસમાં ફરિયાદ નોંધાવતા ગુનો નોંધી સીસીટીવી ફૂટેજના આધારે આરોપીની શોધખોળ હાથ ધરી છે.

# ઉપલેટાના સેવંત્રાના વેપારી પાસે ડુંગળી મગાવી પશ્ચિમ બંગાળના શખ્સે કરી રૂા.૭.૯૯ લાખની ઠગાઈ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના સેવંત્રા ગામના સતનામ ટ્રેડીંગ નામની પેઢી ચલાવતા ડુંગળીના વેપારી સાથે પશ્ચિમ બંગાળના વેપારીએ રૂ.૭,૯૯,૬૮૦ની છેતરપિંડીની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. વેપારી પાસેથી રૂ.૪૯.૬૯ લાખની ડુંગળી ખરીદી કર્યા બાદ રૂ.૪૧.૬૯ લાખ જેટલી રકમ ચૂકવી દઈ બાકીની બાકીના રૂ.૭,૯૯,૬૮૦ જેટલી રકમ નહિ ચૂકવતા ફરિયાદ નોંધાઈ છે.

સેવંત્રા ગામના સતનામ ટ્રેડીંગ નામની પેઢી ચલાવતા ડુંગળીના વેપારી ગોવિંદભાઈ નથુભાઈ બારિયા પાસેથી પશ્ચિમ બંગાળના બશીર હટના વેપારીએ રાજકોટનાં ભરતભાઈ મકવાણાની મધ્યસ્થીથી રૂ. ૪૯.૬૯ લાખની કિંમતની ડુંગળી વેચી હતી. વેસ્ટ બંગાળના બશીર હટે કટકે કટકે ૪૧.૬૯ લાખ ફરિયાદીને ચુકવ્યા હતાં. બાકીના નિકળતાં રૂ.૭,૯૯,૬૮૦ નહીં ચુકવતાં અનેક વખત ઉઘરાણી કરવા છતાં બંગાળના વેપારી બશીરે રકમ નહીં ચુકવતાં તેની સામે ઠગાઈ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

# જસદણના નવા ગામમાં સાર્વજનિક પ્લોટ પચાવી પાડનાર સામે લેન્ડગ્રેબિંગની ફરિયાદ

**મુખ્ય સમાચાર રાજકોટ**

જસદણ તાલુકાના નવા ગામમાં બસ સ્ટેશન પાસે રહેતા મનજીભાઈ ઉર્ફે મનુભાઈ રૂપાભાઈ ભોજાણી નામના પ્રૌઢએ ગામમાં રહેતો મીઠા પાચા ડાભી વિરુધ્ધ અગાઉ કલેકટર કચેરી ખાતે લેન્ડગ્રેબિંગની ફરિયાદ કરી હતી કે આ શખ્સે ગામમાં આવેલ સાર્વજનિક પ્લોટ ૨૦૦ વારમાં ગેરકાયદેસર કબ્જો કરી બાંધકામ કરી પચાવી પાડયો હોવાની ફરિયાદ કરી હોઈ પોલીસ અને કલેકટર તંત્ર દવાર આ અંગે તપાસ કરી નવાગામના મીઠા ડાભીએ સાર્વજનિક પ્લોટ પચાવી લીધો હોવાનું સાબિત થતા તેના વિરુધ્ધ લેન્ડગ્રેબિંગની ફરિયાદ નોંધવા હૂકમ કરતા ગોંડલ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક કે.જી.ઝાલાએ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# સાયબર ગઠીયાઓએ પ્રૌઢના ખાતામાંથી રૂા.૨.30 લાખ ઉપાડી લીધા

## રૂખડિયાપરામાં રહેતા પ્રૌઢે સાયબર ક્રાઈમ પોલીસમાં કલકત્તાના શખ્સ સામે નોંધાવી ફરિયાદ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના રૂખડિયાપરામાં જૂની વાયરલેસ ઓફીસ પાસે રહેતા અને મજુરી કરતા રણજીતભાઈ પુનાભાઈ જાખેલીયા ઉ.૪૬એ વેસ્ટ બંગાળ કલકત્તાના કેનેરા બેંકમાં એકાઉન્ટ ધરાવતા રાહુલ બેનર્જી અને અન્ય એક ખાતાધારક સામે ૩,૮૦,૫૧૭ રૂપિયાની ઠગાઈ અંગે સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યું હતું કે પોતે કોઈ ઓનલાઈન બેંકિંગ વાપરતા નથી ગત તારીખ ૨૨ જુલાઈ ૨૦૨૩ના હું મારું ખાતું એસબીઆઈ મેઈન બ્રાંચમાં હોય પૈસા ઉપાડવા જતા મને ખબર પડી કે ૨.૩૦ લાખ અને ૧૯૦૦ રૂપિયા ઉપડી ગયા છે જેથી મેં બેંકમાં ફરિયાદ કરવાનું કહેતા મને કોઈ જવાબ મળ્યો ન હતો મારા એડી એકાઉન્ટ પણ હોય બે દિવસ પછી તેમાંથી પૈસા ઉપાડવા જતા તેમાંથી ૬૪ હજાર ઉપડી ગયાનું અને લોન એકાઉન્ટ બની ગયું હોય બીજા એકાઉન્ટમાંથી ૨૫ હજાર અને ૪૫ હજાર ઉપડી ગયાનું જાણવા મળ્યું હતું જેથી ફરીથી બેંકમાં રજૂઆત કરી છતાં કોઈ જવાબ મળ્યો ન હતો જેથી સાયબર ક્રાઈમમાં અરજી કરતા તપાસ કરતા આ બધા પૈસા કલકત્તાના ખાતામાં ટ્રાન્સફર થયા હોય અને ત્યાંથી જ શખસે કોઈ રીતે મારા ખાતાના ઓનલાઈન એક્સેસ લઈ ઠગાઈ કરી હોવાનું જાણવા મળતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# પોલીસ અને રક્ષા શક્તિ યુનિ.ના ઉપક્રમે ટ્રાફિક અવેરનેસ વર્કશોપનું આયોજન કરાયુ









**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેર પોલીસ કમિશ્નર રાજ ભાર્ગવ, એડીશનલ પોલીસ કમિશ્નર વિધી ચૌધરી, ટ્રાફિક ડી.સી.પી. પુજા યાદવનાા માર્ગદર્શન હેઠળ તથા રક્ષા શક્તિ યુનિવર્સિટીના સયુંક્ત ઉપક્રમે ટ્રાફિક અવેરનેસ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ હતુ. આ વર્કશોપમાં સિધ્ધાર્થ ખત્રીના સ્પીકર તરીકે પધારેલ હતા, જે સેમીનાર તા.૧૧/૦૩/૨૦૨૪ ના રોજ તથા તા.૧૨/૦૩/૨૦૨૪ ના દિન-૦૨ રાજકોટ એન્જીનીયરીંગ એસોસીએશન ઓડીટોરીયમ હોલ રાજકોટ શહેર ખાતે આયોજન કરવામા આવેલ હતું. આ વર્કશોપમાં હાલ તાલીમ પુર્ણ કરેલ નવા આશરે ૨૦૦ જેવા લોકરક્ષકોએ વર્કશોપનો લાભ લિધેલ હતો.

આ વર્કશોપમાં મહે.સિધ્ધાર્થ ખત્રી, જે.વી.શાહ તથા RTO કે.એમ.ખાપેડે નવા લોકરક્ષકોને ઓડિયો તથા વિડિયો મારફતે ટ્રાફિક અંગેના નિયમોથી વાકેફ કરેલ તેમજ ટ્રાફિક અંગેની કામગીરી દરમ્યાન નાગરીકો સાથે કેવો વ્યવાહાર રાખવો તે અંગેની સમજ આપેલ નવા લોકરક્ષકોને તમામ સ્પીકરોએ ૨ દિવસ સુધી ટ્રાફિક અંગેની ખુબ ઉંડાણ પુર્વક સમજ આપી હતી.

# શરાફી મંડળીને આપેલો ચેક રિટર્ન થવાના કેસમાં મહિલાને એક વર્ષની સજા

## એક મહિનામાં રૂા.૧.૫૬ લાખનું વળતર ન ચુકવે તો વધુ છ માસની સજાનો હુકમ કરતી કોર્ટ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાણી લક્ષ્મીબાઈ મહિલા શરાફી સહકારી મંડળીમાંથી સભાસદ દરજે લીધેલી લોનની ચુકવણી માટે આપેલો ચેક પરત ફરવાના ગુનામાં અદાલતે એક વર્ષની સજા અને રૂ. ૧,૫૬,૮૩૯ નું વળતર એક માસમાં ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ રાજકોટમાં રહેતા ખુશ્બુ વત્સલ ઉપાધ્યાયએ રાજકોટમાં આવેલી રાણી લક્ષ્મીબાઈ મહિલા શરાફી સહકારી મંડળીમાંથી સભાસદ દરકજે લોન લીધી હતી જે લોનની બાકી રકમ ચૂકવવા ખુશ્બુ ઉપાધ્યાયએ રૂ.૧,૫૬,૮૩૯ નો ચેક આપ્યો હતો જે ચેક વગર વસૂલાતે પરત ફરતા ફરિયાદી મંડળીયે પોતાના એડવોકેટ લોનધારક ખુશ્બુ ઉપાધ્યાયે લોનની રકમ નહીં ચૂકવતા મંડળી દ્વારા લોનધારક ખુશ્બુ ઉપાધ્યાય વિરુદ્ધ કોર્ટમાં ચેક પરત ફર્યાની ફરિયાદ નોંધાવી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા બંને પક્ષની રજુઆત બાદ ફરિયાદી મંડળી વતી રોકાયેલા વકીલ દ્વારા કરવામાં આવેલી દલીલો અને રજૂ રાખેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓ ધ્યાને લઈ કોર્ટે લોનધારક ખુશ્બુ ઉપાધ્યાયને ચેક પરત ફરવાના ગુનામાં એક વર્ષની સજા અને રૂ. ૧,૫૬,૮૩૯ નું વળતર એક માસમાં ન ચૂકવે તો વધુ છ માસની સજાનો હુકમ કર્યો છે.

આ કેસમાં ફરિયાદી મંડળી વતી રાજકોટના યુવા એડવોકેટ નિર્મલ આર. વ્યાસ અને માધવી એમ. રોકાયા હતા.

# કુબલીયાપરામાં વ્યાજખોર મહિલા અને સાગરિતોએ ફઈ-ભત્રીજા પર કર્યો હુમલો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

કુબલિયાપરા વિસ્તારમાં વ્યાજખોર મહિલા સહિતના શખ્સોએ વ્યાજની ઉઘરાણી કરી ફઈ ભત્રીજા ઉપર છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં ઘવાયેલી પરિણીતા અને તરુણને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ કુબલીયાપરા વિસ્તારમાં રહેતી નંદનીબેન વિજયભાઈ સોલંકી (ઉ.વ.૨૩) અને તેનો ભત્રીજો તુષાર નિતેશભાઈ પરમાર (ઉ.વ.૧૩) પોતાના ઘર પાસે હતા ત્યારે રાત્રીના નવેક વાગ્યાના અરસામાં આશાબેન સહિતના શખ્સોએ ઝઘડો કરી છરી અને પાઈપ વડે હુમલો કર્યો હતો હુમલામાં ઘવાયેલા ફઈ ભત્રીજાને તાત્કાલિક સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. આ અંગે સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના સ્ટાફે થોરાળા પોલીસને જાણ કરતા થોરાળા પોલીસ મથકનો સ્ટાફ તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પ્રાથમિક પૂછપરછમાં નંદનીબેન અને તેના પતિ વિજયભાઈ સોલંકીએ આશાબેન પાસેથી ચાર મહિના પહેલા ૧૦ ટકાના વ્યાજ રૂ. ૨૦ હજાર લીધા હતા અને વ્યાજ નહીં ચૂકવી શકતા વ્યાજખોર આશાબેન સહિતના શખ્સોએ વ્યાજની ઉઘરાણી કરી ફઈ-ભત્રીજા ઉપર હુમલો કર્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આક્ષેપના પગલે થોરાળા પોલીસે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૪૭૨ પીએસઆઈ સહિત ૧૨૪૭૨ પોલીસ કર્મી.ની ભરતી જાહેર

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

કાયમી ધોરણે સ્થાપવામાં આવેલા ગુજરાત પોલીસ ભરતી બોર્ડ દ્વારા ૪૭૨ પોલીસ સબ ઈન્સ્પેક્ટર- PSI સહિત વર્ગ-૩ની ૧૨,૪૭૨ની જગ્યાઓ ભરવા માટે જાહેર કરવામા આવી છે. અલબત્ત મહિના અગાઉ વર્ગ- ૩ની ભરતી માટે પરીક્ષા પધ્ધતિમાં મોટાપાયે ફેરફાર થયા બાદ હાલમાં તેના નિયમ રચવા અંગેની પ્રક્રિયા ચાલુ હોવાથી આ ભરતી માટેના ઉમેદવારોને ઓજસ વેબસાઈટ જોતા રહેવા બોર્ડના અધ્યક્ષ IPS હસમુખ પટેલે અપીલ કરી છે.